॥ न निर्मित : केन, न दष्ट पूर्व, न श्रूयते हेममय : ॥

# ઈમીગ્રેશન ટાઈમ્સ
# IMMIGRATION TIMES

R.N.I. Reg. No GUJBIL/2003/10490 • Postal Reg. No. G/AND/321/2024-26 • Date of Posting on 15th & 30th • Every Month / Posted at Anand H.O. | તા. ૧૫-૦૬-૨૦૨૪ શનિવાર | ISSN : 0973 - 1105 | ₹25
પાના-૧૨ • વર્ષ-૨૩ • અંક-૭ • સળંગ અંક-૫૦૫ • તંત્રી : મિનેશ પટેલ • સહ તંત્રી : જાગૃત વસાણી : 9898 422 622 • Email : immigrationtimes2020@gmail.com | For the period of 15-06-2024 to 30-06-2024 | આણંદથી પ્રસિદ્ધ થતું

દુનિયાના તમામ વિકસીત દેશોના દરેક પ્રકારના વિઝા સબંધી લેટેસ્ટ સત્તાવાર માહિતીઓ આપતું ભારતનું પ્રથમ ગુજરાતી અખબાર / www.immigrationtimes.in • FOLLOW US!

# દુબઇ : પ્રી-એપ્રુવ્ડ વિઝા ઓન અરાઈવલ માટે લાયક ભારતીયોએ પહેલા ઓનલાઇન અરજી કરવી અનિવાર્ય




## અગાઉ મુસાફરો ફ્લાઈટમાંથી ઉતર્યા બાદ ઈમીગ્રેશન કાઉન્ટર પર વિઝા પર સીલ મારવામાં આવતો હતો. હવે દુબઇ જતા મુસાફરોએ પહેલા ઓનલાઇન અરજી કરવી પડશે

(ITN)

દુબઇ પ્રી–એપ્રુવ્ડ વિઝા ઓન અરાઇવલ માટે લાયક અરજદાર હોય તેવા ભારતીયોએ પહેલા ઓનલાઇન અરજી કરવી જરુરી છે.

- યુએસ ગ્રીનકાર્ડ અથવા યુકે યુરોપિયન યુનિયન દેશોના રહેઠાણ વિઝા ધરાવતા લોકોને ૧૪ દિવસના પ્રવાસી વિઝા આપવામાં આવશે.
- સામાન્ય પાસપોર્ટ ધરાવતા અને યુએસ ગ્રીનકાર્ડ અથવા યુકે કે યુરોપિયન યુનિયન દેશોના રહેઠાણ વિઝા ધરાવતા ભારતીયોએ ૧૪ દિવસના પ્રવાસ માટે
- યુએઈમાં પ્રવેશ કરવા માટે પ્રી એપ્રુવ્ડ વિઝા ઓન અરાઈવલ મેળવવા પહેલા ઓનલાઈન અરજી કરવી આવશ્યક છે.
- આ શોર્ટ ટર્મ વિઝાને ફકત એક જ વાર ૧૪ દિવસ માટે લંબાવી શકાય છે તેમ દુબઇના રેસીડેન્સી એન્ડ ફોરેનર્સ અફેર્સના જનરલ ડીરેક્ટોરેટ દ્વારા જણાવાયું છે.
- અગાઉ લાયક ભારતીય પ્રવાસીઓને યુએઇના એરપોર્ટ પર વિઝા ઓન અરાઈવલ આપવામાં આવતો હતો. મુસાફરો ફલાઇટમાંથી ઉતર્યા બાદ ઈમીગ્રેશન કાઉન્ટર પર વિઝા પર સીલ મારવામાં આવતો હતો. હવે દુબઈ જતા મુસાફરોએ પહેલા ઓનલાઇન અરજી કરવી પડશે.

### ઓનલાઈન અરજી કરવાની રીત

1. GDRFA વેબસાઇટ https://smart.gdrfad.gov.ae પર લોગ ઈન કરો
2. તમારી વિગતો રજીસ્ટર કરો, જરુરી માહિતી ભરો અને ફી (૨૫૩ દિરહામ) ચૂકવો
3. મંજૂરી મળ્યા પછી, વિઝા યુઝરના ઈમેઈલ પર મોકલવામાં આવે છે.
4. અરજી કર્યા પછી ૪૮ કલાકની અંદર પ્રકિયા પૂર્ણ થવાની અપેક્ષા છે.

### નિયમો અને શરતો

1. પ્રવાસીને યુએઈમાં પ્રવેશતા અટકાવતો કોઈપણ પ્રતિબંધ હોવો જોઈએ નહીં.
2. પાસપોર્ટ અથવા મુસાફરી દસ્તાવેજની માન્યતા ઓછામાં ઓછી છ માસની હોવી જોઈએ.
3. તેમની પાસે ઓછામાં ઓછા છ મહિનાની માન્યતા અવધિ સાથે યુએસ સત્તાવાળાઓ દ્વારા જારી કરાયેલ વિઝા અથવા ગ્રીન કાર્ડ હોવું જોઈએ અથવા
4. તેમની પાસે યુકે અથવા યુરોપિયન યુનિયન દેશોમાં સક્ષમ સત્તાવાળાઓ દ્વારા જારી કરાયેલ રહેઠાણ વિઝા હોવા જોઈએ, જેની માન્યતા અવધિ ઓછામાં ઓછી છ મહિનાની હોવી જોઈએ.

### એમિરેટ્સ એરલાઈન્સ દ્વારા પ્રી-એપ્રુવ્ડ વિઝા ઓન અરાઈવલ

- ફેબ્રુઆરીમાં એમિરેટસે તેમની એરલાઈન સાથે મુસાફરી બુક કરાવનાર કેટલાક ભારતીય પાસપોર્ટ ધારકો માટે પ્રી–એપ્રુવ્ડ વિઝા ઓન અરાઈવલ સુવિધાની જાહેરાત કરી

(અનુ પાન નં. ૪)




SINCE 2001
OM INTERNATIONAL
GLOBAL IMMIGRATION, STUDENTS, BUSINESS & WORK VISA CONSULTANTS

"Unlock a world of opportunities with OM INTERNATIONAL.Low Score ? Don't worry

Get your family WORK PERMIT and VISA for Canada, even with a low IELTS/PTE score of just 5 bands.

CanadaVisa
WorkPermit
IELTS
PTE
Immigration Counselling

Our expert team offers FREE FREE counseling with immigration law experts in Ahmedabad and Vadodara.
Book your slot now for personalized guidance and secure your future.

Ahmedabad : 2nd floor, Above Mirch Masala, C. G. R.ad, Navrangpura Email : applyomvisas@gmail.com 94285 99011, 93761 08292
Baroda : 2nd Floor, Indraprasth Avenue, Nr. Urijita Hospital, VIP Road ,Karelibagh, Vadodara-390018 www.omvisaconsultancy.com
For More Details: 9327233000

ઈમીગ્રેશન ટાઈમ્સ
IMMIGRATION TIMES



# ઓસ્ટ્રેલિયા સ્ટુડન્ટ વિઝા

# ઓસ્ટ્રેલિયાના વિદ્યાર્થીઓ માટે, હોબાર્ટ-તાસ્માનિયા શા માટે શ્રેષ્ઠ છે?

## ઓસ્ટ્રેલિયન સરકાર તેમની વ્યાપક સંશોધન પ્રવૃતિઓ માટે તાસ્માનિયા યુનિવર્સિટીને ઘણા ભંડોળ વિકલ્પો પ્રદાન કરે છે

(ITN)
ઓસ્ટ્રેલિયાના વિદ્યાર્થીઓ માટે હોબાર્ટ, તાસ્માનિયા શા માટે શ્રૈષ્ઠ છે તે વિશે કેટલીક વિગતો.

**હોબાર્ટ :** ઓસ્ટ્રેલિયાનું સૌથી સુંદર, દક્ષિણનું શહેર અને તાસ્માનિયાની રાજધાની. આ મનોહર શહેરની ખૂબસુરતીમાં અદ્દભૂત માઉન્ટ વેલિંગ્ટન/કુનાનીનો દબદબો છે. જે બુશલોકર્સ, માઉન્ટેન બાઈકર્સ અને ફોટોગ્રાફરો માટે પ્રિય સ્થળ છે.

**હોબાર્ટની ખાસિયત :** સુંદર લેન્ડસ્કેપ ઉપરાંત હોબાર્ટ એક પ્રેરણાદાયી અભ્યાસ વાતાવરણ પણ આપે છે અને વિદ્યાર્થીઓ માટે ઓસ્ટ્રેલિયાનું સૌથી સસ્તું શહેર માનવામાં આવે છે.

**હોબાર્ટમાં અભ્યાસ કરવાના વધુ કારણો :**

**તાસ્માનિયા યુનિવર્સિટી (UTAS):** હોબાર્ટમાં અભ્યાસ કરવાનું એક મુખ્ય કારણ UTAS છે. આ શહેરની એકમાત્ર યુનિવર્સિટી છે જેમાં ૨૦ હજાર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે. તે કાયદો, દવા, અંગ્રેજી, આઈટી, પ્રવાસન, વ્યવસાય વગેરે જેવા વિવિધ વિષયોમાં વિશિષ્ટ અને સામાન્ય અભ્યાસક્રમોની વિશાળ શ્રૈણી પ્રદાન કરે છે. વધુમાં વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કાર્યક્રમો અને અંતર શિક્ષણ અભ્યાસક્રમોનો (લોંગ ડિસ્ટન્સ એજયુકેશન) લાભ મેળવી શકે છે. સંશોધન પ્રદર્શન અને શિક્ષણની દષ્ટિએ, યુનિવર્સિટી નિઃશંકપણે એક મજબૂત પ્રદર્શન કરનાર છે.

**વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા :** હોબાર્ટમાં વિદ્યાર્થીઓના રહેઠાણની વાત આવે ત્યારે પુષ્કળ વિકલ્પો ઉપલબ્ધ છે. તાસ્માનિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સામાન્ય રીતે મુખ્ય કેમ્પસની નજીક રહેવાનું પસંદ કરે છે અને તેથી તેઓ સેન્ડી ખાડીમાં રહેવાનું પસંદ કરે છે. જે હોબાર્ટનો એક મુખ્ય ભાગ છે અને શહેરના કેન્દ્રથી માત્ર થોડા અંતરે છે. રહેવા માટે એક પ્રેરણાદાયી સ્થળ તરીકે, તમે શોધી શકો છો કે શહેરના મોટાભાગના મકાનો ટેકરીઓ પર બાંધવામાં આવ્યા છે, જે અંદરા અદ્દભૂત દશ્યો આપે છે.

**શિષ્યવૃતિઓ :** ઓસ્ટ્રેલિયન સરકાર તેમની વ્યાપક સંશોધન પ્રવૃતિઓ માટે તાસ્માનિયા યુનિવર્સિટીને ઘણા ભંડોળ વિકલ્પો પ્રદાન કરે છે. આ કારણોસર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીની ટયુશન ફી અન્ય ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓની તુલનામાં ઓછી છે. તાસ્માનિયા યુનિવર્સિટી વિદ્યાર્થીઓ માટે વિવિધ શિષ્યવૃતિ કાર્યક્રમો  પ્રદાન કરે છે, જે અભ્યાસને અત્યંત સ્પર્ધાત્મક બનાવે છે.

**શહેરની આસપાસ ફરવું :**હોબાર્ટ એક સરળતાથી નેવિગેટ કરી શકાય તેવું શહેર છે. તે બસો અને ટેકસીઓ જેવી જાહેર પરિવહન વ્યવસ્થાઓ પ્રદાન કરે છે. જે તમને થાકયા વિના શહેરમાં ફરવા માટે સક્ષમ બનાવે છે. જો કે શહેરમાં નાની રેલ સીસ્ટમ મોટાભાગે માત્ર ચીજવસ્તુઓ અને કાર્ગો માટે જ ઉપયોગમાં લેવાય છે.

**સલામત શહેર :** હળવા વાઈબ્સ અને મૈત્રીપૂર્ણ સ્થાનિકોના કારણે, ઓસ્ટ્રેલિયા હોબાર્ટને સૌથી સલામત શહેર તરીકે ઓળખે છે. પરિવહન ઝડપી અને સરળ છે. જેમાં થોડું પ્રદૂષણ અને ટ્રાફિક જામ છે. શહેરમાં હવામાન સારું છે. વિદ્યાર્થીઓ કોઈપણ ડર વિના શહેરમાં મુકતપણે ફરી શકે છે. વિદેશમાં અભ્યાસ કરવા માંગતા લોકો, ખાસ કરીને ઓસ્ટ્રેલિયામાં આ એક મહાન બોનસ છે.

**અભ્યાસની સાથે કામ કરો :** હોબાર્ટ ઓસ્ટ્રેલિયાનું સૌથી નાનું શહેર છે. પરંતુ બીજા ઓસ્ટ્રેલિયન શહેરોની જેમ, વિદ્યાર્થીઓ અહીં સ્ટુડન્ટ વિઝા પર અભ્યાસ કરતી વખતે અઠવાડિયાના ૪૦ કલાક સુધી કામ કરી શકે છે. હોબાર્ટમાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે અલગ અલગ કામની તકો પણ શોધી શકે છે. વિદ્યાર્થી તરીકે, તમે માર્ગદર્શન માટે તમારી યુનિવર્સિટીનો ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ સપોર્ટ સેવાને પૂછી શકો છો.

**ઓસ્ટ્રેલિયન સંસ્કૃતિ વિશે વાતચીત :** તાસ્માનિયામાં હળવા વાતાવરણ, ઓછો ટ્રાફિક અને વધુ જંગલ વિસ્તાર, આ બધું મળીને વિદ્યાર્થીઓ માટે અભ્યાસ કરવાનું એક સંપૂર્ણ સ્થળ બનાવે છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી તરીકે, સ્થાનિક યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વખતે તમે ઓસ્ટ્રેલિયન સંસ્કૃતિ વિશે ઘણું શીખી શકશો. આ ઉપરાંત સ્થાનિક લોકો સાથે વધુ વાર્તાલાપ કરવાથી તમારી અંગ્રેજી બોલવાની કુશળતામાં વધારો થશે. ઘણા કલબ, બાર અને રેસ્ટોરન્ટથી લઈને યુનિવર્સિટીઓ, સંસ્કૃતિ અને મૈત્રીપૂર્ણ લોકો સાથે, હોબાર્ટ ઓસ્ટ્રેલિયામાં એક છૂપાયેલો ખજાનો છે. અહીં બધું જ છે જે રહેવા માટે યોગ્ય સ્થળ બનાવે છે.



## સ્ટુડન્ટ વિઝા અંગે પારદર્શી માહિતી આપતું ગુજરાત સરકારનું વિદેશ સેલ

(ITN)
વર્તમાન યુવાપેઢીનું રૂખ વિદેશો પ્રતિ વળી રહ્યું છે ત્યારે તેમાં રસ ધરાવતી યોગ્ય વ્યક્તિઓને પરદેશ વિશે સાચી અને વિશ્વસનીય માહિતી મળી રહે એ હેતુસર ગુજરાત સરકારની રોજગાર અધ્યક્ષ કચેરી તરફથી ઓવરસીઝ ઈન્ફોર્મેશન સેલ ઊભું કરવામાં આવ્યું છે. વિદેશોને લગતી તમામ માહિતી તેમાંથી મેળવી શકાય છે. પરદેશમાં અભ્યાસ કરવાની ઉત્કંઠા ધરાવતા યુવાલોકોને નિમ્નલિખિત સરનામે સંપર્ક કરવાનો અનુરોધ કરવામાં આવે છે.

ઓવરસીઝ જોબઈન્ફોર્મેશન એન્ડ ફેસિલિટેશન સેન્ટર આસિસ્ટન્ટ ડિરેકટર, એમ્પલોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ ડિપાર્ટમેન્ટ, ઓ–૪, ન્યૂ મેન્ટલ કેમ્પસ, મેઘાણીનગર, અમદાવાદ– ૩૮૦ ૦૧૬

## પાસપોર્ટ ફરિયાદ નિવારણ માટે સંપર્ક

Passport Officer
Opp. L.D.Engg. College Hostel, Uni. Road,
Gulbai Tekra, Ahmedabad-6
Tel No.: 079-26309103/04/07, 26300603,
Fax: 079-26309118
E-mail : rpo.ahmedabad@mea.gov.in
Tele Enquiry No : 26309109, 26309110, 26309112
SMS : From Vodafone mobile,
PAS<fileno> <year> to 56789
eg. PAS A023390 07 to 56789

# યુએઇ વિઝિટ વિઝા : વધુ પડતું રોકાણ કરનાર અને ગેરકાયદે મુલાકાતીઓના કારણે ટ્રાવેલ એજન્સીઓને દંડ સહિતની પરેશાની




**દુબઈ મુલાકાતીઓ માટે આર્કષક સ્થળ છે. મુસાફરો માટે વિઝા નિયમોનું સન્માન કરવું અને વધુ રોકાણ ટાળવું મહત્વપૂર્ણ છે. કાનૂની ગૂંચવણો અને નાણાંકીય દંડ ટાળવા માટે યોગ્ય આયોજન અને વિઝા નિયમોનું પાલન જરુરી છે**

(ITN)
ટ્રાવેલ એજન્સીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, વિઝિટ વિઝા ધારકો જેઓ તેમની મંજૂર સમયમર્યાદા કરતાં વધુ સમય રહે છે અને નિયમોનું ઉલ્લંઘન કરે છે તેના કારણે ટ્રાવેલ એજન્સીઓને દંડ અને કાર્ય સંબંધિત પડકારોનો સામનો કરવો પડે છે.

એજન્સીઓના જણાવ્યાનુસાર મુલાકાતીઓના વધુ પડતા રોકાણ અને ગેરકાયદે રહેવાના કિસ્સાઓએ અધિકારીઓને દુબઇ એરપોર્ટ પર કડક પ્રવેશ નિયમો લાગુ કરવાની ફરજ પડી છે. જયારે કોઈ મુલાકાતી વિરુદ્ધ ગેરકાયદે રહેવાનો કેસ દાખલ કરવામાં આવે છે ત્યારે તેના પરિણામે તેમને નાણાંકીય ને સંચાલન સંબંધી પડકારોનો સામનો કરવો પડે છે.

વધારાની મુદ્દત નથી તેવા મુલાકાતીઓના વધુ રોકાણ માટેનું મુખ્ય કારણ વિઝા ગ્રેસ અવધિ વિશે ગેરસમજ છે. ઘણા મુલાકાતીઓ માને છે કે તેમની પાસે તેમના વિઝાની સમાપ્તિ તારીખ પછી ૧૦ દિવસની ગ્રેસ અવધિ છે. જો કે આ ગ્રેસ અવધિ ગયા વર્ષે દૂર કરવામાં આવી હતી. જેના કારણે અજાણતાં જ વધુ રોકાણ થાય છે. તેઓ આ વાત સ્વીકારતા નથી અને અમે તેમને નિયમિત રીતે જણાવીએ છી કે કે હવે કોઈ ગ્રેસ અવધિ નથી તેમ ટુર્સ સંચાલક ફિરોઝ મલિયાકકલે જણાવ્યું હતું.

એકાએક નાણાંકીય મુશ્કેલીઓ પણ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. કેટલાક મુલાકાતીઓ તેમના રોકાણ દરમ્યાન અણધારી નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરે છે. જેના કારણે તેમના માટે સમયસર ઘરે પરત ફરવું ખૂબ જ મુશ્કેલી બની જતું હોવાનું ટ્રાવેલ્સ એજન્સીના લિબિત વર્ગીસે જણાવ્યું હતું.

વધુમાં દુબઈનું આર્કષણ અને યુએઈના વિવિધ આર્કષણો મુલાકાતીઓને કાનૂની પરિણામોને ધ્યાનમાં લીધા વિના તેમના રોકાણને લંબાવવા અને અન્વેષણ કરવા માટે પ્રેરિત કરે છે. એજન્ટોના જણાવ્યાનુસાર ગેરકાયદે રહેતા મુલાકાતીઓનું બીજું એક સામાન્ય કારણ દુબઈની જીવનશૈલીથી મોહિત થયા પછી નોકરીનો શોધ છે. દુબઈની તકોથી આર્કષિત મુલાકાતીઓ નોકરી માટે અરજી કરે છે અને ઈન્ટરવ્યૂ કોલની રાહ જુએ છે. તેમના વિઝાની સ્થિતિને અવગણે છે. તેઓ ઘણીવાર રોજગારની આશામાં વધુ રોકાણ કરે છે, જે તેમને કાનૂની પરિસ્થિતિમાં મૂકે છે.

**મુલાકાતી વિઝાની મુદ્દત વધી જવાના કિસ્સામાં ઈન્ટરવ્યૂમાં વિલંબ**

ફેબ્રુઆરીમાં દુબઈ પોતાના સગાઓને મળવા ગયેલા બિલાલ અબ્બાસે પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યું કે, મારી મુલાકાત દરમ્યાન મને એક મિત્રની કંપનીમાં નોકરીની જગ્યા ખાલી હોવાની જાણ થઈ. મેં અરજી કરી અને આશ્ચર્યજનક રીતેમને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યો. હું ખૂબ જ ખુશ હતો પરંતુ બીજા ઈન્ટરવ્યૂના માત્ર ત્રણ દિવસ પહેલા મારા વિઝાની સમાપ્તિ તારીખ વિશે સંપૂર્ણપણે હું ભૂલી ગયો.

લગભગ ૮ દિવસ વધુ રોકાયા હોવા છતાં અબ્બાસ નોકરી મેળવવામાં સફળ રહ્યા. દેશની બહાર નીકળતી વખતે તેઓને લગભગ ૧ હજાર દિરહામનો દંડ ભરવો પડયો. સદ્દનસીબે ૨૮ માર્ચે રહેઠાણનો દરજજો મેળવીને તેઓ યુએઈ પરત ફર્યા.

**ટ્રાવેલ એજન્ટ માટે દંડ**

ટ્રાવેલ એજન્ટોના મતે, આવી ક્રિયાઓના ગંભીર પરિણામો આવે છે. જયારે કોઈ મુલાકાતી વિઝાની સમાપ્તિ પછી અમારી પાસે રિપોર્ટ નથી કરતો. ત્યારે તેમના વિઝાની સુવિધા આપતી ટ્રાવેલ એજન્સીને નોંધપાત્ર દંડ અને દંડનો સામનો કરવો પડે છે. દરેક ફરાર કેસ માટે ટ્રાવેલ એજન્સીઓએ સત્તાવાળાઓને ૨૫૦૦ દિરહામનો દંડ ચૂકવવો પડે છે. વધુમાં એજન્સીનો વિઝા કવોટા ઘટાડવામાં આવે છે. જે અમારી કાર્યક્ષમ રીતે કાર્ય કરવાની અને વધુ લોકોને યુએઈમાં આમંત્રિત કરવાની ક્ષમતાને અસર કરે છે તેમ એજન્ટોએ જણાવ્યું હતું.

**બે હજાર દિરહામ ફરાર દંડ**

ઉદ્યોગ નિષ્ણાંતોના મતે જે મુલાકાતીઓ ગેરકાયદેસર રીતે રોકાય છે તેમને ભારે દંડનો સામનો કરવો પડે છે અને ફરાર કેસ પાછો ખેંચવા માટે, વ્યકિતએ શ્રેણીબદ્ધ પ્રકિયાઓમાંથી પસાર થવું પડે છે. એજન્ટોએ જણાવ્યું હતું કે, ફરાર મુલાકાતીઓ ઓછામાં ઓછા ૨ હજાર દિરહામ દંડ, વધુ રોકાણ માટે દંડ અને વધારાના વહીવટ અને એકિઝટ ફી ચૂકવીને સ્ટેટસને દૂર કરી શકે છે. વધુમાં ઉમેર્યુ હતું કે, આ ખર્ચ બંને પક્ષો, મુલાકાતીઓ અને ટ્રાવેલ એજન્સીઓ માટે ભારે બની શકે છે.

જો કે મુલાકાતીઓએ જાણવું જોઈએ કે જયારે સત્તાવાળાઓને ચૂકવવાપાત્ર વધારાની ફીનો સમાવેશ કરવામાં આવે છે ત્યારે ૨ હજાર દિરહામનો લઘુત્તમ દંડ ૫ હજાર દિરહામ સુધી વધી શકે છે.

ટ્રાવેલ એજન્ટો મુલાકાતીઓને તેમના વિઝાની મુદ્દત વધારવાની કાનૂની અસરો વિશે જાગૃત રહેવા વિનંતી કરતા હોય છે. એજન્ટોના મતે, દુબઈ મુલાકાતીઓ માટે એક આર્કષક સ્થળ છે. મુસાફરો માટે વિઝા નિયમોનું સન્માન કરવું અને વધુ રોકાણ ટાળવું મહત્વપૂર્ણ છે. કાનૂની ગૂંચવણો અને નાણાંકીય દંડ ટાળવા માટે યોગ્ય આયોજન અને વિઝા નિયમોનું પાલન જરુરી છે.

ઈમીગ્રેશન ટાઈમ્સ
IMMIGRATION TIMES
વર્ષ-૨૩• સળંગ અંક-૫૦૫ • તા.૧૫-૦૬-૨૦૨૪

## તંત્રી સ્થાનેથી



જમ્મુના કટરામાં શિવ ખોડી ગુફા મંદિરથી માતા વૈષ્ણોદેવી મંદિર સુધી તીર્થયાત્રીઓને લઈ જઈ રહેલી એક બસ પર આતંકીઓનો ગોળીબાર અને ત્યારબાદ થયેલ દુર્ઘટના જેટલી દુઃખદ છે, એટલી જ ચિંતાજનક પણ. દુઃખદ એટલા માટે કે સામાન્ય રીતે તીર્થયાત્રીઓને નિશાનો નથી બનાવવામાં આવતા અને ચિંતા એટલે કે જમ્મુમાં વૈષ્ણોવેવી માર્ગને પણ જો નિશાનો બનાવાયો, તો આ એક મોટો પડકાર છે. આ હૂમલામાં ૧૦ તીર્થયાત્રીઓના મોત અને 30થી વધુ ઘાયલ થયા હતા.

શું આ હૂમલો કરવાની આતંકીઓની નવી પદ્ધતિ છે?શું તેમણે જાણીજોઈને બસ ચાલક પર ગોળીઓ ચલાવી, જેથી બસ અનિયંત્રિત થઈને ખાઈમાં જઈ પડે? જો કે સુરક્ષા દળોને શંકા છે કે આતંકીઓનો ઈરાદો બસ રોકીને ગોળીઓ વરસાવવાનો હતો. રિયાસીની આ ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે. તેની પાછળ કોઈ ષડયંત્રના સંકેત મળે છે અને આ નવા આતંકી ષડયંત્રના તમામ તાણાવાણા ખોલવા સુરક્ષા દળો અને ગુપ્તચર એજન્સીઓની પ્રાથમિકતા હોવી જોઈએ.

એ વાત ઉલ્લેખનીય છે કે આ હુમલો એ જ દિવસે થયો હતો જે દિવસે કેન્દ્રિય મંત્રીમંડળ માટે શપથ ગ્રહણ કાર્યક્રમ હતો. દેખીતું છે કે આ આતંકી હૂમલો સરકારને સીધો પડકાર છે. તેનો સખત જવાબ આપણી સુરક્ષા એજન્સીઓએ આપવો જોઈએ. સુરક્ષા દળોએ બહુ મહેનતથી વૈષ્ણોદેવી માર્ગને નિષ્કંટક બનાવી રાખ્યો હતો, હવે ફરી ઊગી નીકળેલા કાંટા ઉખાડી ફેંકવાનો સમય આવી ગયો છે. કાશ્મીર અને જમ્મુના સંવેદનશીલ રસ્તા પર દરેક જગ્યાએ પહેરો બેસાડવો વ્યવહારિક નથી, પરંતુ આવા હુમલાની હિમાકતને સડક પર ઉતરતાં પહેલાં જ ઠેકાણે પાડી દેવા યોગ્ય છે. વૈષ્ણોદેવી તીર્થના કારણે હજારો કરોડ રુપિયાનો વ્યવસાય થાય છે. તેનો એક મોટો હિસ્સો સ્થાનિક લોકોના ખિસ્સામાં જાય છે. દેશદ્રોહી આતંકી એ ષડયંત્ર કરી શકે કે જમ્મુ,કાશ્મીરના લોકોને પહેલાંની જેમ મજબૂર બનાવી રાખવા માટે અર્થવ્યવસ્થાને કમજોર કરે. હવે સરકારે યુદ્ધ સ્તર પર આશ્વસ્ત કરવા જોઈએ કે સહેલાણીઓ, શ્રદ્ધાળુઓનું અહીં આવવું ઘટી ન જાય અને સ્થાનિક અર્થવ્યવસ્થા મજબૂત થતી જાય. આ જ જવાબ આતંકવાદીઓને નેસ્તનાબૂદ કરશે.રાષ્ટ્રીય મંચો પર કરાતા પ્રોપેગેન્ડાનો યોગ્ય તોડ સાબિત થશે.

(પાન નં. ૧ થી ચાલુ

## દુબઈ : પ્રી-એપૃવ્ડ વિઝા ઓન અરાઈવલ માટે લાયક ભારતીયોએ પહેલા ઓનલાઈન અરજી કરવી અનિવાર્ય

- ૧૪ દિવસના સિંગલ એન્ટ્રી વિઝા તરીકે જારી કરાયેલ, તે એમિરેટ્સ ગ્રાહકોને દુબઈ પહોંચતી વખતે કતારો છોડવાની સુવિધા આપે છે.
- અરજી Dubai Visa Processing Centre (DVPC) દ્વારા પૂર્ણ થાય છે. VFS Globleની સુવિધા જે એમિરેટ્સ એરલાઈન દ્વારા યુએઈ વિઝા પ્રકિયા માટે નિયુકત કરવામાં આવી છે.

એમિરેટ્સે એ પણ સ્પષ્ટ કર્યુ છે કે વિઝા જારી કરવાનો GDRFAને સંપૂર્ણ વિવેકાધિકાર છે.

(પાન નં. ૮ થી ચાલુ)

## ભારતમાં પ્રવેશ કરતા દરેક પ્રવાસી માટે કસ્ટમ ગાઈડ

(v) યાત્રી ઉપરોકત શરતો (i) અને (iii)ને આધીન રહી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને મેટલ્સ એન્ડ મીનરલ્સ ટ્રેડિંગ કોર્પોરેશનના કસ્ટમ્સ બંધિત વેરહાઉસમાંથી મંજૂરી પ્રાપ્ત માત્રાની ચાંદી મેળવી શકે છે. ભારત આગમન સમયે કસ્ટમ અધિકારી સમક્ષ ફોર્મમાં જાહેરનામું દાખલ કરવું આવશ્યક છે. જેમાં તેણે કસ્ટમ્સ બંધિત વેરહાઉસમાંથી ચાંદી મેળવવાની અને પરવાનગી પહેલાં ડ્યૂટી ચૂકવવાની ઈચ્છા જણાવવાની રહેશે. સોના અને ચાંદીની કિંમત સમયાંતરે સૂચના દ્વારા આઈટમ અને નિર્ધારિત મૂલ્ય મુજબ લેવામાં આવશે.

**૬. વિદેશી હૂંડિયામણની આયાત માટેના નિયમો શું છે ?**

કોઈપણ વ્યકિત વિદેશ સ્થળેથી ભારતમાં કોઈ મર્યાદા વગર વિદેશી હૂંડિયામણ લાવી શકે છે. જો કે નીચેના કિસ્સાઓમાં ચલણ જાહેરનામા ફોર્મમાં વિદેશી હૂંડિયામણ/ચલણની જાહેરાત આપવી જરુરી છે :

(a) જયારે વિદેશી ચલણના નોટોની કિંમત ૫ હજાર યુએસ ડોલર અથવા તેની સમકક્ષથી વધારે છે.

(b) જયારે વિદેશી હૂંડિયામણની કુલ કિંમત (ચલણની નોટો, બેંક નોટો, ટ્રાવેલર ચેક વગેરે સ્વરુપમાં) ૧૦ હજાર યુએસ ડોલર અથવા તેની સમકક્ષથી વધારે છે.

**૭. ભારતીય ચલણની આયાત માટેના નિયમો શું છે ?**

ભારતીય ચલણની આયાત પ્રતિબંધિત છે. જો કે વિદેશથી પરત ફરતા સામાન્ય રીતે ભારતમાં રહેતા યાત્રીઓના કિસ્સામાં રૂ.૨૫ હજાર સુધીની ભારતીય ચલણની આયાતને મંજૂરી આપવામાં આવે છે.

**૮. ફાયરઆર્મ્સની આયાત માટેના નિયમો શું છે?**

- ફાયર આર્મ્સની આયાત સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.
- ૫૦થી વધુ કારતૂસની આયાત પણ પ્રતિબંધિત છે.

જો કે નિયમોમાં નિર્દિષ્ટ શરતો મુજબ રહેઠાણ સ્થળાંતર કરી રહેલા વ્યકિતઓના કિસ્સામાં, ઓછામાં ઓછા એક વર્ષ માટે ભારતમાં આવવા માટે, મંજૂરી આપેલ બોરનું એક ફાયર આર્મ આયાત કરવાની છૂટ શરતોને આધીન આપી શકાય છે.

(i) તે જ ફાયર આર્મ યાત્રી દ્વારા વિદેશમાં ઓછામાં ઓછા એક વર્ષ સુધી તેની ધારણા અને ઉપયોગમાં હતું અને આવા ફાયરઆર્મને તેની આયાતના દસ વર્ષ પછી નિકાલ કરી શકાય છે. જો કે આ સુવિધા માત્ર એક જ વાર ઉપયોગ કરી શકાય છે.

(ii) યાત્રી પાસે સ્થાનિક (ભારતીય) અધિકારિક પાસપોર્ટ માન્ય શસ્ત્ર લાયસન્સ છે.

(iii) લાગુ પડતી કસ્ટમ્સ ડ્યૂટી ચૂકવવાની રહેશે.

**૯. પાળતુ પ્રાણીઓની આયાત માટેના નિયમો શું છે ?**

બેગેજ નિયમો, ૧૯૯૮ની શરતો મુજબ વિદેશમાં સતત બે વર્ષના રહેવાસ પછી ભારતમાં રહેઠાણ સ્થળાંતર કરી રહેલા વ્યકિતઓ માટે પ્રતિ યાત્રીએ અધિકત્તમ બે સુધીના પાળતુ પ્રાણીઓને સામાન તરીકે આયાત કરવાની છૂટ છે. આયાત માટે નીચેની શરતોનું પાલન કરવું આવશ્યક છે:

- મૂળ દેશમાંથી આવશ્યક આરોગ્ય પ્રમાણપત્ર રજૂ કરવું
- DGFT દ્વારા જારી કરાયેલા આયાત લાયસન્સની જરુર નથી

(વધુ આવતા અંકે)

(પાન નં. ૧૧ થી ચાલુ)

## હવાઈ મુસાફરી કરતા મુસાફરો માટે અગત્યની માહિતી

તમે ટ્રાવેલ કરતી વખતે કેટલા ટાઈમ ઝોનને પાર કર્યા તેના આધારે તમે જેટ લેગમાંથી પાછા ફરી શકો છો.

તમારું બોડી દરરોજ એક કે બે ટાઈમ ઝોનના દરે નવા ટાઈમ ઝોનમાં સેટ થશે.

**જેટ લેગના લક્ષણો**

તમે તમારા ડેસ્ટીનેશન પ્લેસ પર થાક, માથાનો દુઃખાવો અને અનિંદ્રા અનુભવી શકો છો.

**જેટ લેગની સ્થિતિ ઊભી ન થાય તે માટે સાવચેતીના કયા પગલાં લેવા જોઈએ ?**

હાઈડ્રેટેડ રહો. શકય તેટલી ઝડપથી લોકલ ટાઈમને એડજેસ્ટ કરો અને તમારા લોકલ ટાઈમે જ ભોજન લો. ફલાઈટ પહેલા, ફલાઈટ દરમ્યાન અથવા પછી તરત જ આલ્કોહોલ અને કોફી પીવાનું ટાળો. કારણ કે તે ડીહાઈડ્રેશનનું કારણ બની શકે છે અને તમારા ઊંઘના ટાઈમ ટેબલને ડીસ્ટર્બ કરી શકે છે. ફલાઈટ દરમ્યાન બેઠા પછી અથવા બેસીને થોડા થોડા સમયાંતરે તમારા પગની એકસરસાઈઝ કરો.

જો શકય હોય તો આઠ કલાક કરતાં વધુ સમયની ફલાઈટ ન લો. જો એવું લાગે તો તમારા ડેસ્ટીનેશનના અડધા રસ્તે જે સ્થળ આવતું હોય ત્યાં થોડુંક રોકાણ કરો પછી આગળ વધો.

**વાહનની શરતો**

એર લાઈન્સને પેસેન્જર અને તેમના સામાન, ક્રૂ, કાર્ગો, નુકસાન અને થર્ડ પાર્ટીના જોખમો પ્રત્યેની તેની જવાબદારીને આવરી લેવા માટે કેરેજ બાય એર એકટ ૧૯૭૨ અથવા અન્ય કોઈપણ લાગુ કાયદાની સાથે પૂરતી રકમનો વર્તમાન ઈન્સ્યોરન્સ જાળવી રાખવો જરુરી છે. તમારી ટિકિટ એ એરલાઈન અને તમારી વચ્ચેના કેરેજના કોન્ટ્રાકટનો પુરાવો છે.

મહેરબાની કરીને ખાતરી કરો કે તમને આપવામાં આવેલી ટિકીટમાં ઓપરેટીંગ એરલાઈનની જવાબદારી સહિત કેરેજની શરતો સામેલ હોય. સાથે તમને પણ અપીલ કરવામાં આવે છે કે તમે બુકીંગ કરતા પહેલા તમારી પસંદગીની એરલાઈનની વેબસાઈટ પર હવાઈ મુસાફરીના નિયમો અને શરતોને કાળજીપૂર્વક વાંચો. આમ કરવાથી તમે એર કેરેજ માટે એરલાઈન સાથે એગ્રીમેન્ટ કોન્ટ્રાકટ કરો છો.

(પાન નં.૧૨ થી ચાલુ)

## યુએસએ પરત ફરતા રહેવાસીઓ માટેનું CBP મેમોરેન્ડમ - કદાચ SB-1 વિઝાની જરુર નથી

- CBP સામાન્ય પ્રકિયા પર પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યું છે, તેથી વ્યકિતઓએ પોતાના વિકલ્પો કાળજીપૂર્વક ધ્યાનમાં લેવા જોઈએ.
- વધુ માહિતી માટે અથવા તમારા માટે અથવા વિદેશમાં ફસાયેલા તમારા પ્રિયજન માટેના વિકલ્પોની ચર્ચા કરવા માટે અનુભવી યુએસ ઈમીગ્રેશન પ્રોફેશનલનો સંપર્ક કરો.

વિઝા અરજી કરતી વખતે એપ્લિકેન્ટને પૂરતી સલાહ તથા માર્ગદર્શન મળી રહે તે માટે અનુભવી યુએસ ઈમીગ્રેશન એટર્નીની મદદ મળી રહે તે જરૂરી છે. જરૂરી દસ્તાવેજો તથા ઈન્ટરવ્યૂ માટે પૂરતી તૈયારી પણ અગત્યની છે. જો આપ અમારી લૉ ફર્મ પાસેથી મદદ મેળવવા ઈચ્છતા હો તો મુંબઈ ઓફિસ ટેલિફોન નંઃ ૦૧૧-૯૧-૨૨-૨૬૪૦૧૧૪૦/ ૨૬૭૩૦૮૯૩

વાચકોને ભલામણ કરવામાં આવે છે કે ઈમીગ્રેશન ટાઈમ્સમાં પ્રસિધ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. ઈમીગ્રેશન ટાઈમ્સના માલીક, મુદ્રક, પ્રકાશન, તંત્રી જાહેરખબરના દાવાની ચકાસણી કરતા નથી, તેથી ઉપસ્થિત થતા કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં. ઈમીગ્રેશન ટાઈમ્સમાં પ્રસિધ્ધ થતા લેખોનાં મંતવ્યો જે તે લેખકના અંગત છે.

ઈમીગ્રેશન ટાઈમ્સ
IMMIGRATION TIMES

# અમેરિકાથી ભારત અને ભારતથી અમેરિકા બંને તરફથી બાળક દત્તક લેવું શકય છે

**ફોર્મ I-800 પીટીશનને કામચલાઉ ધોરણે મંજૂરી મળ્યા પછી, તમે અથવા તમારી દત્તક સેવા પ્રદાતા ભારતના બાળકોને ઈમીગ્રાન્ટ વિઝા જારી કરવા માટે જવાબદાર નવી દિલ્હી સ્થિત યુએસ એમ્બેસીના કોન્સ્યુલર વિભાગમાં વિઝા અરજી સબમિટ કરશે**



(ગતાંકનું ચાલુ)

**1. CARA દ્વારા ભારતમાં કાર્યરત રહેવા માટે અધિકૃત યુએસ માન્યતા પ્રાપ્ત અથવા માન્ય દત્તક સેવા પ્રદાતાને તમારા પ્રાથમિક પ્રદાતા તરીકે પસંદ કરો**

ભારતમાંથી બાળક દત્તક લેવાની પ્રકિયામાં પ્રથમ પગલું એ છે કે તમે યુનાઈટેડ સ્ટેટસમાં એક એવી દત્તક સેવા પ્રદાતા (adoption service provider)ને પસંદ કરો જે અમેરિકન નાગરિકોને આંતરરાષ્ટ્રીય દત્તક સેવા પૂરી પાડવા માટે માન્યતા પ્રાપ્ત અથવા માન્ય હોય અને ભારત સરકાર દ્વારા તેને અધિકૃત કરવામાં આવ્યું હોય. તમારા કેસમાં, દરેક સંમેલન કેસ (Convention case)ના પ્રાથમિક પ્રદાતાની ઓળખ ફરજિયાત છે અને માત્ર માન્યતા પ્રાપ્ત કે માન્ય દત્તક સેવા પ્રદાતા જ તમારા પ્રાથમિક પ્રદાતા તરીકે કામ કરી શકે છે. તમારો પ્રાથમિક પ્રદાતા આ માટે જવાબદાર છે.

•22 CFR 96.2માં વ્યાખ્યાયિત તમામ છ દત્તક સેવાઓ લાગુ પડતા કાયદા અને નિયમોના અનુસંધાનમાં પૂરી પાડવામાં આવે તેની ખાતરી કરો.

•જયાં સુપરવાઈઝરે પ્રોવાઈડર (Supervised providers)નો ઉપયોગ કરવામાં આવે ત્યાં તેમનું સુપરવિઝન અને જવાબદારી લેવી

•22 CFR 96.44 અનુસાર એક સર્વિસ પ્લાન વિકસાવવો અને તેનો અમલ કરવો.

એજન્સીની માન્યતા [Agency Accreditation] વિશે વધુ જાણો.

ભારતીય કાયદા હેઠળ, ભારતમાંથી બાળકને દત્તક લેવાનું વિચારી રહેલા વિદેશી ભાવિ દત્તક માતાપિતાએ CARA સાથે સૂચિબદ્ધ (રજીસ્ટર્ડ) દત્તક સેવા પ્રદાતાનો ઉપયોગ કરવો જરુરી છે. સૂચિબદ્ધ એજન્સીઓ વિશે વધુ વિગતો CARA વેબસાઈટ પરથી મળી શકે છે.

**2. USCISમાં તમને દત્તક લેવા માટે યોગ્ય અને પાત્ર તરીકે જણાવવા માટે અરજી કરો**

માન્યતા પ્રાપ્ત કે માન્ય દત્તક સેવા પ્રદાતાની પસંદગી કર્યા પછી ફોર્મ I-800A, એપ્લીકેશન ફોર ડિટમિનેશન ઓફ સુટેબિલિટી ટૂ એડોપ્ટ અ ચાઈલ્ડ ફોમ અ કન્વેન્શન એન્ટ્રી(Application for Determination of Suitability to Adopt a Child from a Convention Country) સબમિટ કરીને તમારે USCIS દ્વારા દત્તક લેવા માટે યોગ્ય અને પાત્ર જણાવવું જરુરી છે. આ અરજીના ભાગરુપે તમારે હોમ સ્ટડી, ફિંગરપ્રિન્ટસ અને બેકગ્રાઉન્ડ ચેક સબમિટ કરવાની જરુર પડશે. યોગ્યતા અને પાત્રતાની જરુરિયાતો વિશે વધુ જાણકારી મેળવો.

**3. CARAમાં બાળકને દત્તક લેવા અને બાળક સાથે મેળ કરવા માટે અરજી કરો, સેન્ટ્રલ ઓથોરીટીને તમારી ફાઈલ સબમિટ કરો**

USCIS દ્વારા તમને દત્તક લેવા માટે યોગ્ય અને પાત્ર જણાવવામાં આવે અને ફોર્મ I-800A અરજી મંજૂર થયા પછી, તમારી દત્તક સેવા પ્રદાતા તમારી મંજૂરી નોટિસ, હોમ સ્ટડી અને અન્ય કોઈપણ જરુરી માહિતી તમારી દત્તક અરજીના ભાગરુપે CARAને પ્રદાન કરશે. CARA તમારી અરજીની સમીક્ષા કરીને નકકી કરશે કે તમે ભારતીય કાયદા હેઠળ પણ દત્તક લેવા માટે યોગ્ય અને પાત્ર છો કે નહીં.

**સેન્ટ્રલ ઓથોરીટી તરફથી બાળક માટે રેફરલ મેળવો**

જો યુનાઈટેડ સ્ટેટસ અને ભારત બંને નકકી કરે કે તમે દત્તક લેવા માટે યોગ્ય અને પાત્ર છો અને ભારતની સંમેલન દત્તકલેણ માટેની કેન્દ્રિય સત્તામંડળે નકકી કર્યુ હોય કે એક બાળક દત્તકલેણ માટે ઉપલબ્ધ છે અને આંતરરાષ્ટ્રીય દત્તકલેણ તે બાળકના શ્રેષ્ઠ હિતમાં છે, તો CARA તમારા એએસપી[ASP]ને એક અથવા વધુ બાળકોની મૂળભૂત માહિતી પૂરી પાડશે. જે તમારા એપ્રુવ્ડ હોમ સ્ટડીમાં દર્શાવેલા માપદંડોને પૂર્ણ કરે છે. આ રેફરલ તમારી ફાઈલ અને બાળકની જરુરિયાતોની સમીક્ષાના આધારે તમારા અને ચોકકસ એક બાળક વચ્ચેનો સૂચિત મેળ છે. તમારે ૯૮ કલાકની અંદર તમારા ASPને જણાવવું જોઈએ કે તમને આ બાળક વિશે વધુ જાણવામાં રસ છે. આ જાણકારીથી તમારો ASP એ બાળકમાં તમારો રસ દર્શાવી, મેળ બેસાડવાની પ્રકિયા શરુ કરી શકશે. આ કામ પૂરું થયા પછી, ભાવિ દત્તક લેવાનારા બાળકનું નિવાસસ્થાન જે SSA હોય તે બાળકનો બેકગ્રાઉન્ડ સ્ટડી અને ઉપલબ્ધ હોય તો અન્ય માહિતી પૂરી પાડશે. આ માહિતી તમને રેફરલ સ્વીકારવું કે નહીં તે નકકી કરવામાં મદદ કરશે. અમે પરિવારોને કોઈ ચોકકસ બાળકની જરુરિયાતોને સમજવા માટે તેમના દત્તક સેવા પ્રદાતા અને તબીબી નિષ્ણાંતનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કરશે.

**નોંધ :** ભારત સૌપ્રથમ ત્યજી દેવાયેલા અથવા સોંપાયેલા બાળકોને ભારતમાં રહેતા ભારતીય પરિવાર અથવા ભારતમાં રહેતા ન હોય તેવા ભારતીય (એનઆરઆઈ) પરિવારમાં મૂકવાનો પ્રયાસ કરે છે. CARA દ્વારા એનઓસી જારી કરવામાં આવ્યા પછી, ભાવિ દત્તક માતાપિતા બાળકના વાલીપણું (ગાર્ડીયનશીપ) અથવા દત્તકલેણ આદેશને અંતિમરુપ આપવા માટે કોર્ટની રાહ જોતા હોય ત્યારે, બાળકને પાલક સંભાળમાં (ફોસ્ટર કેર) રાખવા માટે તે SSAમાં અરજી કરી શકે છે, જયાં બાળક રહેતું હોય. (નોંધ : નવી દિલ્હી સ્થિત યુએસ એમ્બેસી પાસેથી આર્ટીકલ ૫/૧૭નો પત્ર CARAને મળે ત્યાં સુધી CARA એનઓસી જારી કરશે નહીં)

**૪. USCISમાં યુનાઈટેડ સ્ટેટસમાં કન્વેન્શન એડોપ્ટી તરીકે સ્થળાંતર કરવા માટે બાળકને કામચલાઉ ધોરણે પાત્ર તરીકે માન્યતા આપવા માટે અરજી કરો અને દત્તકલેણ સાથે આગળ વધવા માટે યુએસની સંમતિ મેળવો**

**બાળકની ઈમીગ્રેશન લાયકાત પર નિર્ધારણ માટે અરજી સબમિટ કરો**

ચોકકસ એક બાળક સાથેનો મેળ સ્વીકાર્યા પછી ફોર્મ I-800 પીટીશન ટૂ કલાસિફાઈ કન્વેન્શન એડોપ્ટી એઝ એન ઈમીડીયેટ રિલેટીવ દ્વારા બાળકને યુનાઈટેડ સ્ટેટસમાં સ્થળાંતર કરવા માટે કામચલાઉ મંજૂરી માટે તમે USCISમાં અરજી કરશો. USCIS કામચલાઉ ધોરણે એ નિર્ધારણ કરશે કે બાળક કન્વેન્શન એડોપ્ટીની વ્યાખ્યાને અનુરુપ છે કે નહીં અને યુનાઈટેડ સ્ટેટસમાં દાખલ થવા અને રહેવા પાત્ર હોવાની સંભાવના છે કે નહીં.

**ઈમીગ્રાન્ટ વિઝા અરજી સબમિટ કરો**

ફોર્મ I-800 પીટીશનને કામચલાઉ ધોરણે મંજૂરી મળ્યા પછી, તમે અથવા તમારી દત્તક સેવા પ્રદાતા ભારતના બાળકોને ઈમીગ્રાન્ટ વિઝા જારી કરવા માટે જવાબદાર નવી દિલ્હી સ્થિત યુએસ એમ્બેસીના કોન્સ્યુલર વિભાગમાં વિઝા અરજી સબમિટ કરશે.

તમને નેશનલ વિઝા સેન્ટર તરફથી કામચલાઉ ધોરણે મંજૂર થયેલ ફોર્મ I-800 પીટીશનની પ્રાપ્તિનો પુષ્ટિ કરતો અને કેસ નંબર તથા ઈન્વોઈસ ID નંબર ફાળવતો પત્ર મળવો જોઈએ. તમારા બાળક માટે ઈલેકટ્રોનિક ઈમીગ્રાન્ટ વિઝા એપ્લીકેશન [DS-260] ફાઈલ કરવા માટે કોન્સ્યુલર ઈલેકટ્રોનિક એપ્લીકેશન સેન્ટર (CEAC)માં લોગ ઈન કરવા માટે આ માહિતીનો ઉપયોગ કરો. દત્તક માતાપિતાએ આ ફોર્મ્સ પોતાના બાળકના નામે ભરવા જોઈએ. ફોર્મની દરેક કોલમનો જવાબ આપો. જો કોઈ માહિતી લાગુ ન પડતી હોય તો બ્લોકમાં N/A લખો. જો ઓનલાઈન DS-260 ફોર્મ ભરવા વિશે કોઈ પ્રશ્નો હોય તો DS-260 FAQs, ઓનલાઈન ઈમીગ્રાન્ટ વિઝા પૃષ્ઠ જુઓ અથવા [email assress removed] પર અથવા +1-603-334-0700 પર NVCનો સંપર્ક કરો. કોન્સ્યુલર અધિકારી કામચલાઉ ધોરણે મંજૂર કરાયેલ ફોર્મ I-800 પીટીશન અને વિઝા અરજીની સમીક્ષા કરશે અને જો લાગુ પડતું હોય, તો વિઝા અરજી સંબંધિત અયોગ્યતાઓ માફ કરવાના વિકલ્પો વિશે સલાહ આપશે.

જો તમામ સંમેલનની જરુરિયાતો પૂર્ણ થઈ હોય અને બાળક યુનાઈટેડ સ્ટેટસાં સ્થળાંતર કરવા માટે પાત્ર જણાતું હોય તો યુએસ નાગરિક માતાપિતા અને ભારતના બાળકને સામેલ કરતા કોઈપણ આંતરરાષ્ટ્રીય દત્તકલેણના કેસમાં કોન્સ્યુલર અધિકારી ભારતની સેન્ટ્રલ ઓથોરીટીને પત્ર (જેને આર્ટીકલ ૫/૧૭ લેટર કહેવામાં આવે છે) મોકલશે. આ પત્ર ભારતની સેન્ટ્રલ ઓથોરીટીને જાણ કરશે કે માતાપિતા દત્તક લેવા માટે યોગ્ય અને પાત્ર છે કે બાળક યુનાઈટેડ સ્ટેટસમાં દાખલ થવા અને કાયમી રહેવા માટે પાત્ર જણાય છે. અને યુએસ સેન્ટ્રલ ઓથોરીટી સંમત થાય છે કે દત્તકલેણની આગળની કાર્યવાહી થઈ શકે છે.

**ચેતવણી :** તમારી ફોર્મ I-800 અરજીને કામચલાઉ ધોરણે મંજૂરી મળ્યા પહેલા અને યુએસ કોન્સ્યુલર અધિકારી તમારા દત્તકલેણ કેસ માટે આર્ટિકલ ૫/૧૭ લેટર જારી કર્યા પહેલા ભારતમાં બાળકને દત્તક લેવાનો અથવા તેનો વાલીપણું પ્રાપ્ત કરવાનો પ્રયાસ ન કરો.

**યાદ રાખો :** બાળકની ઈમીગ્રાન્ટ વિઝા માટેની પાત્રતા વિશેનો અંતિમ નિર્ણય કોન્સ્યુલર અધિકારી દત્તકલેણ પ્રકિયામાં આગળ ઉપર કરશે.

**5. ભારતમાં બાળકને દત્તક લો અથવા સ્થળાંતર કે દત્તકલેણના હેતુ માટે બાળકનું કાયદેસર વાલીપણું મેળવો**

**યાદ રાખો :** ભારતમાં બાળકને દત્તક લેતા અથવા કાયદેસર વાલીપણું મેળવતા પહેલા, તમારે ઉપરના ચારેય પગલાં પૂર્ણ કરવા જરુરી છે. માત્ર આ પગલાં પૂર્ણ કર્યા પછી જ તમે ભારત દ્વારા દત્તક લેવાનું અથવા સ્થળાંતર અને દત્તકલેણના હેતુસર કાયદેસર વાલીપણું મેળવવાની કાર્યવાહીને આખરી ઓપ આપવા આગળ વધી શકો છો.

(વધુ આવતા અંકે)

# વિદેશી નાગરિકો માટે નોંધણી કરાવવાની સામાન્ય સૂચનાઓ



(ગતાંકનું ચાલુ)

**મેડિકલ વિઝા**

ગંભીર બિમારીની સારવાર માટે ભારતમાં આવતા લોકોને આ વિઝા આપવામાં આવે છે. વિસ્તરણ માટે જરુરી દસ્તાવેજો નીચે પ્રમાણે બે સેટમાં રજૂ કરવા :

- મૂળ માન્ય પાસપોર્ટ અને વિઝા
- સંબંધિત હોસ્પિટલ (પ્રતિષ્ઠિત અને માન્યતાપ્રાપ્ત હોસ્પિટલ હોવી જોઈએ)નો પત્ર, જ્યાં સારવાર લેવામાં આવી રહી છે. તેની સાથે સહાયક તબીબી દસ્તાવેજો/નિદાન ટેસ્ટ રિપોર્ટ (સારવારના અંદાજીત સમયગાળા સાથે)
- દર્દી સાથે રહેનાર સંભાળ રાખનાર અને સંબંધીઓ માટે એમએક્સ (મેડીકલ એક્સ) વિઝા
- ચાર પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ (૪ બાય ૪ સે.મી., રંગીન ફોટો, સફેદ પૃષ્ઠભૂમિ સાથે, કાન સ્પષ્ટ દેખાતા હોય, ચશ્માં અને ટોપી વગર)
- પાસપોર્ટની નકલો (ફોટો પેજ અને માન્યતા દર્શાવતું પેજ), ભારતીય સ્થળાતરનું આગમન ટિકીટ ધરાવતું પેજ
- ભારતીય વિઝાની નકલ
- વિઝાઓ અને તમામ તબીબી કાગળો તથા નિદાન ટેસ્ટ રિપોર્ટ
- રહેઠાણનો પુરાવો એટલે કે ઈલેક્ટ્રીક બિલ/ ટેલિફોન બિલ/ રજા અને લાયસન્સ કરાર
- જો અરજદાર હોસ્પિટલાં દાખલ થયેલ હોય, તો ડોકટર દ્વારા પ્રમાણિત, અરજદારનો ફોટો ધરાવતું તે અંગેનું તબીબી પ્રમાણપત્ર

**રિટર્ન વિઝા પાત્રતા (Patrata-eligibility)**

વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ દરમ્યાન રજાઓ સમયે ત્રણ વખત તેમના વતન જતા રહેવા માટે અને જે વિદેશીઓ રોજગાર અને વ્યવસાય વિઝા પર છે અને તેમના કેસોને વધુ વિસ્તરણ માટે નવી દિલ્હીના ગૃહમંત્રાલયને સંદર્ભિત કરવામાં આવ્યા છે અને વિચારણા હેઠળ છે તેમને આ સુવિધા આપવામાં આવે છે. રિટર્ન વિઝા અરજી પ્રવાસ તારીખના ૩ દિવસ પહેલાં સંસાધિત કરવામાં આવે છે.

**રિર્ટન વિઝા માટે જરુરી દસ્તાવેજો**

- મૂળ માન્ય પાસપોર્ટ અને વિઝા
- નિયત ફોર્મ (આ ઓફિસના કમ્પ્યુટર ટર્મિનલ્સ પર ભરવાના)
- ચાર પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ (૪ બાય ૪ સે.મી., રંગીન ફોટો, સફેદ પૃષ્ઠભૂમિ સાથે, કાન સ્પષ્ટ દેખાતા હોય, ચશ્માં અને ટોપી વગર)
- પાસપોર્ટની નકલો (ફોટો પેજ અને માન્યતા દર્શાવતું પેજ), ભારતીય સ્થળાતરનું આગમન ટિકીટ ધરાવતું પેજ
- ભારતીય વિઝાની નકલ
- ભારત છોડયાના ૯૦ દિવસની અંદર પરત ફરવાની ટિકિટની નકલ
- એમ્પ્લોયમેન્ટ/અથવા બિઝનેસ વિઝાના કિસ્સામાં કંપની તરફથી વિનંતી પત્ર

રિટર્ન વિઝા મહત્તમ ૯૦ દિવસના પિરીયડ માટે આપવામાં આવે છે.

નોંધ : FRRO/FRO દ્વારા ચકાસણી માટે વધારાના સહાયક દસ્તાવેજોની માંગ કરી શકાય છે.

**એક્ઝિટ પરમિટ લેવા માટે જરુરી દસ્તાવેજો :**

**A. વિદેશીઓ પાસપોર્ટ ગૂમાવવાના કારણે રિપોર્ટ કરે તેવા કિસ્સામાં**

- સંબંધિત વિદેશી મિશન દ્વારા જારી કરાયેલ નવો પાસપોર્ટ અથવા અધિકૃત પ્રવાસ દસ્તાવેજ
- ખોવાયેલા/ચોરાયેલા પાસપોર્ટ વિશેની પોલીસ રિપોર્ટીંગ એટલે કે ખોવાઈ જવાનું પ્રમાણપત્ર અથવા એફઆઈઆર
- ચોરાયેલા પાસપોર્ટ અને ભારતીય પાસપોર્ટની વિગતો દર્શાવતું વાણિજિયક કચેરીનો (Consulate letter) પત્ર
- જો વિદેશી કોઈપણ FRRO/FRO મામલો નોંધાયેલા હોય તો સંબંધિત FRRO/FRO પાસેથી તે અંગેની NOC મેળવવી
- વિમાનમથકમાંથી પરત ફરવા માટેની OK સ્થિતિ સાથે રવાનગીની હવાઈ ટિકિટ
- ચાર પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ (૪ બાય ૪ સે.મી., રંગીન ફોટો, સફેદ પૃષ્ઠભૂમિ સાથે, કાન સ્પષ્ટ દેખાતા હોય, ચશ્માં અને ટોપી વગર)
- રહેઠાણનો પુરાવો એટલે કે હોટલ, ગેસ્ટ હાઉસ પેમેન્ટ રસીદ, રજા અને લાયસન્સ કરાર વગેરે

ઉપરના દસ્તાવેજો સિવાય કેટલાક કિસ્સાઓમાં વધારાના સહાયક દસ્તાવેજોની માંગ કરી શકાય છે.

એક્ઝિટ પરમિટના તમામ કિસ્સાઓમાં પ્રકિયા કરવા માટે ઓછામાં ઓછા બે કામકાજના દિવસની જરુર પડશે.

**B. સરોગસી કેસ**

- મૂળ પાસપોર્ટ અને પ્રવાસ દસ્તાવેજો
- કમિશનિંગ પેરેન્ટ, સરોગેટ માતા અને કેસની સારવાર કરતા ડોકટર વચ્ચે સરોગસી કરાર
- સરોગેટ માતા તરફથી એક જવાબદારી કે કરારમાં સમાવિષ્ટ તેની તમામ જવાબદારીઓ ઇચ્છિત માતાપિતા દ્વારા સંતોષકારક રીતે પૂરી કરવામાં આવી છે.

**સરોગેસી કેસ (Foreign Nationals - વિદેશી નાગરિકો)**

- ડોકટરનો પત્ર, જેમણે સારવાર આપી છે
- જે હોસ્પિટલમાં બાળક જન્મ્યું હતું તે હોસ્પિટલનો પત્ર
- બાળકનો (અરજદાર) પાસપોર્ટ
- ભારતીય અધિકારી દ્વારા જારી કરાયેલ બાળકનું જન્મ પ્રમાણપત્ર
- માતાપિતાના પાસપોર્ટ અને વિઝાની નકલ
- પ્રવાસ ટિકિટની નકલ (બાળક અને માતાપિતા)
- બાળકનો રંગીન ફોટો ૩ સેટ (સફેદ પૃષ્ઠભૂમિ સાથે)
- રહેઠાણનો પુરાવો એટલે કે હોટલ/ ગેસ્ટહાઉસ પેમેન્ટ રસીદ, રજા અને લાયસન્સ કરાર વગેરે

તમામ સરોગેસી કેસો જે એક્ઝિટ પરમિટ માટે અરજી કરે છે તેમને પ્રકિયા કરવા માટે ઓછામાં ઓછા ૨ કાર્ય દિવસની જરુર પડશે, તમામ દસ્તાવેજો સબમિટ કરવા જરુરી છે.

**C. ભારતમાં જન્મેલ બાળક**

- મૂળ પાસપોર્ટ અને ઈમરજન્સી ટ્રાવેલિંગ ડોકયુમેન્ટ
- નવો પાસપોર્ટ જારી કરવા અંગે વાણિજિયક કચેરીનો પત્ર
- ભારતીય અધિકારી દ્વારા જારી કરાયેલ જન્મ પ્રમાણપત્ર
- માતાપિતા બંનેના પાસપોર્ટ અને વિઝાની નકલ, રહેઠાણ પરવાનગીની નકલો (જો માતાપિતા નોંધાયેલા હોય)
- હવાઈ ટિકિટ (બાળક અને માતાપિતા)
- રહેઠાણનો પુરાવો એટલે કે હોટલ/ ગેસ્ટ હાઉસ પેમેન્ટ રસીદ, રજા અને લાયસન્સ કરાર વગરે.
- બાળક/નાના બાળકોના કિસ્સામાં, ફકત માતા સાથે મુસાફરી કરતી વખતે પિતા તરફથી એનઓસી, એવું જણાવતું કે તેને બાળક/નાના બાળક વિદેશ પ્રવાસ કરવા માટે કોઈ વાંધો નથી.

**D. જેલમાંથી નિર્દોષના કેસોમાં**

- મૂળ પાસપોર્ટ અને ઈમરજન્સી સર્ટિફિકેટ અથવા ટ્રાવેલિંગ ડોકયુમેન્ટ
- નવો પાસપોર્ટ/ પ્રવાસ દસ્તાવેજો/ ઈમરજન્સી સર્ટિફિકેટ જારી કરવા અંગે વાણિજિયક કચેરીનો પત્ર
- ચાર પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ (૪ બાય ૪ સે.મી., રંગીન ફોટો, સફેદ પૃષ્ઠભૂમિ સાથે, કાન સ્પષ્ટ દેખાતા હોય, ચશ્માં અને ટોપી વગર)
- જેલમુકિતનું પ્રમાણપત્ર/ બરીઅતના કિસ્સામાં કોર્ટનો હૂકમ
- ખાતરીપૂર્વક જણાવતા એનઓસી કે જેઓ અપીલમાં નહીં જાય અને જે સંબંધિત વિદેશીઓ બરીઅતના કેસોમાં દેશ છોડવા માટે કોઈ વાંધો નથી તેવી ખાતરી આપતા ખાતા
- રવાનગીની હવાઈ ટિકિટની પુષ્ટિ
- રહેઠાણનો પુરાવો એટલે કે હોટલ/ ગેસ્ટહાઉસ પેમેન્ટ રસીદ, રજા અને લાયસન્સ કરાર વગેરે.

(વધુ આવતા અંકે)

ઈમીગ્રેશન ટાઈમ્સ
IMMIGRATION TIMES

# આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે કેનેડામાં બેંકિંગ : બેંક ખાતુ અને ક્રેડિટ કાર્ડ પસંદગી માટે સહાયક માર્ગદર્શિકા

## એક હજારથી વધુ શાખાઓ, નાણાંકીય સેવાઓમાં શ્રેષ્ઠતા માટેની પ્રતિષ્ઠા અને ૮૦થી વધુ વિવિધ ભાષાઓમાં તમને સેવા આપવાની ક્ષમતા સાથે TD કેનેડાની સૌથી મોટી અને સૌથી વિશ્વસનીય બેંકોમાંની એક બની ગઈ છે

(ITN)
કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી તરીકે તમે પ્રવેશ મેળવ્યા બાદ જલ્દી જ કેનેડામાં બેંક ખાતુ ખોલવું અને ક્રેડિટ કાર્ડ માટે અરજી કરવી કે નહીં તે અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવો જોઈએ.

જો તમે વિચારતા હોવ કે ક્યાંથી શરુઆત કરવી તો તેના માટે અહીં સરળ સુવિધા છે. ઘણા બધા ઉપયોગી સંશાધનો ઉપલબ્ધ છે. તમારો ધ્યેય તમારો ક્રેડિટ ઈતિહાસ બનાવવાનો હોય, તમારા નાણાંનું સંચાલન કરવાનો હોય કે કેનેડામાં તમારા અભ્યાસ દરમ્યાન ખરીદી કરવાનો હોય. કેનેડીયન બેંક ખાતું અને ક્રેડિટ કાર્ડ હોવાથી તમારા જેવા વિદ્યાર્થીઓ માટે ઘણા ફાયદા થાય છે. અહીં તમને બેંકિંગ પ્રક્રિયામાં માર્ગદર્શન આપવા, તમારા સવાલોના જવાબ અને બેંક ખાતુ, ક્રેડિટ કાર્ડ પસંદગી માટે સહાયક માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

**૧. કેનેડીયન બેંક ખાતાઓ અંગે સમજ મેળવવી**

કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ખોલાવી શકે તેવા બે મુખ્ય પ્રકારના વ્યક્તિગત ડિપોઝીટ એકાઉન્ટ્સ છે, ચેકિંગ અને સેવિંગ

**ચેકિંગ એકાઉન્ટ :** બિલ ચૂકવણી, રોકડ ઉપાડ અને ખરીદી જેવી તમારા રોજીંદા વ્યવહારો માટે ચેકિંગ એકાઉન્ટ ઉપયોગી છે. સારી વાત એ છે કે ઘણી કેનેડીયન નાણાંકીય સંસ્થાઓ માસિક ફી વિના વિદ્યાર્થી ચેકીંગ એકાઉન્ટ પ્રદાન કરે છે. જે તેમને તમારા માટે સસ્તો વિકલ્પ બનાવે છે. કેનેડીયન ચેકીંગ એકાઉન્ટ વડે જ્યારે તમને જરુર હોય ત્યારે તમે સરળતાથી પૈસા ઉપાડી શકો છો. મની ટ્રાન્સફર મોકલી શકો છો અને ઓનલાઈન ખરીદી પણ કરી શકો છો.

**સેવિંગ્સ એકાઉન્ટ :** જો તમે ભવિષ્ય માટે નાણાં બચાવવા માંગતા હો, તો સેવિંગ્સ એકાઉન્ટ રાખવાનો પણ એક સારો વિકલ્પ છે. જ્યારે તમારી પાસે વધારાનું ભંડોળ હોય, ત્યારે તમે તમારા બેલેન્સ પર વ્યાજ મેળવવા માટે તેને સેવિંગ ખાતામાં જમા કરાવી શકો છો. તમારા પૈસા સમય જતાં વધી શકે છે અને જ્યારે પણ જરુર હોય ત્યારે તમે તમારા ચેકીંગ એકાઉન્ટમાં સરળતાથી નાણાં ટ્રાન્સફર કરી શકો છો.

બેંક અને યોગ્ય બેંક ખાતાઓ પસંદ કરતી વખતે, સારા અને નરસાની સરખામણી કરવી મહત્વપૂર્ણ છે. વિદેશી વિદ્યાર્થી તરીકે તમારી જરુરિયાતોને શ્રેષ્ઠ રીતે અનુકૂળ આવે તેવી ફી, સુવિધાઓ અને ફી વિશે પૂછપરછ કરો. મહત્વની વાત એ છે કે વિદ્યાર્થીઓ માટે ઓછી અથવા કોઈ ફી ન ધરાવતી બેંક અને સરળ ઓનલાઈન બેંકીંગ, મોબાઈલ એપ્લીકેશન જેવી ઉપયોગી સુવિધાઓ જુઓ, જે તમારા પૈસાનું સંચાલન સરળ બનાવવામાં મદદ કરી શકે છે.

**૨. વિદ્યાર્થીઓ માટે કેનેડીયન ક્રેડિટ કાર્ડ**

કેનેડામાં વિદ્યાર્થી હો ત્યારે ક્રેડિટ કાર્ડ મેળવવું એ તમારા ક્રેડિટ ઈતિહાસને બનાવવા માટે અને ખરીદી સરળ બનાવવા માટે એક સરસ રસ્તો બની શકે છે. જીવનમાં વહેલા સારો ક્રેડિટ ઈતિહાસ બનાવવાથી ભવિષ્યમાં તમારા માટે નાણાં ઉધાર લેવાનું સરળ બનશે. ઘણા ક્રેડિટ કાર્ડ મુસાફરી/રિવોર્ડ પોઈન્ટ અથવા કેશ બેક જેવા લાભો આપે છે. ઘણીવાર કોઈ વાર્ષિક ફી વિના, ક્રેડિટ કાર્ડ પસંદ કરતી વખતે, તમારી ખર્ચ કરવાની આદતો ધ્યાનમાં લો અને તમારી જરુરિયાતોને અનુરુપ એક પસંદ કરો.

**મહત્વની ટીપ :** ક્રેડિટ કાર્ડનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો અને દર મહિને સમયસર અને સંપૂર્ણ ચૂકવણી કરવી મદદરુપ છે. આ રીતે, જ્યારે તમે સારો ક્રેડિટ ઈતિહાસ બનાવવાનું શરુ કરો છો ત્યારે તમે મોડા ચૂકવણીની ફી અને વ્યાજ શુલ્કને ટાળશો.




**૩. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ખાસ બેંકીંગ પેકેજો**

કેનેડામાં કેટલીક બેંકો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે તેમની નાણાંકીય જીંદગી સરળ બનાવવા માટે ખાસ પેકેજો પ્રદાન કરે છે. ઉદા. તરીકે TD એક વિશેષ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી બેંકીંગ પેકેજ ઓફર કરે છે, જે બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડ બંનેને જોડે છે. આ પેકેજ કેનેડામાં અભ્યાસ કરતી વખતે તમારા નાણાંને સંભાળવા માટે એક અનુકૂળ અને બજેટ ફ્રેન્ડલી રીત પ્રદાન કરે છે. TD ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ બેંકીંગ પેકેજમાં સામેલ છે.

જેમાં અમર્યાદિત વ્યવહારો અને 0 ડોલર માસિક ફી સાથે વિદ્યાર્થી ચેકીંગ એકાઉન્ટ (૨૩ વર્ષની ઉંમર સુધી અથવા પૂર્ણ સમયના ઉચ્ચ શિક્ષણમાં નોંધણીના પુરાવા સાથે), બોનસ વ્યાજ દર સાથે બચત ખાતું. જેથી તમે તમારી બચત પર વધુ કમાણી કરશો અને કોઈ વાર્ષિક ફી વિના ક્રેડિટ કાર્ડ (મંજૂરીને આધીન) વધુમાં જ્યારે તમે ત્રણેય ઉત્પાદનોને એકસાથે બંડલ કરો છો ત્યારે તમને ૫૦ ડોલરનું એમેઝોન ગીફ્ટ કાર્ડ શરતોને આધીન મળે છે.

વધુમાં, પેકેજમાં અમર્યાદિત આંતરરાષ્ટ્રીય નાણાં ટ્રાન્સફરનો સમાવેશ થાય છે. ૧૨ મહિના સુધી ટ્રાન્સફર ફી રીબેટ સાથે, જ્યારે તમે તમારા TD સ્ટુડન્ટ ચેકીંગ એકાઉન્ટ સાથે TD ગ્લોબલ ટ્રાન્સફરનો ઉપયોગ કરીને પૈસા મોકલી શકો છો.

કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે યોગ્ય બેંક ખાતું અને ક્રેડિટ કાર્ડ પસંદ કરવું મહત્વપૂર્ણ છે. તમારી જરુરિયાતો અને જીવનશૈલીને શ્રેષ્ઠ અનુરુપ એક શોધો અને ખાતરી કરો કે તમે સાઈન અપ કરો તે પહેલાં તમને બધી વિગતો ખબર છે. યોગ્ય નાણાંકીય સાધનો સાથે, તમારા નાણાંનું સંચાલન કરવું સરળ બની શકે છે અને તમે કેનેડામાં તમારા અભ્યાસના અનુભવનો સંપૂર્ણ આનંદ માણવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકો છો.

**TDને કેમ પસંદ કરશો?**

TDને કેનેડાના લોકોને ૧૫૦ વર્ષથી પણ વધુ સમયથી નાણાંકીય ઉકેલો આપવાનો ગર્વ છે. TD પાસે કેનેડાની બેન્કિંગ સીસ્ટમની અનોખી મુશ્કેલીઓમાં નવા આવનારાઓને મદદ કરવાનો એક સદીનો અનુભવ પણ છે.

**તમારી સુવિધા માટે**

એક હજારથી વધુ શાખાઓ, નાણાંકીય સેવાઓમાં શ્રેષ્ઠતા માટેની પ્રતિષ્ઠા અને ૮૦થી વધુ વિવિધ ભાષાઓમાં તમને સેવા આપવાની ક્ષમતા સાથે TD કેનેડાની સૌથી મોટી અને સૌથી વિશ્વસનીય બેંકોમાંની એક બની ગઈ છે. જે હવે ૧.૬ કરોડ કેનેડીયનોને સેવા આપે છે.

**TD બેન્કિંગની મૂળભૂત બાબતો**

કેનેડામાં સ્થળાંતર, ક્રેડિટ સ્કોર આવશ્યકતાઓ અને નવા આવનારાઓ માટે ઓનલાઈન સહાય તથા રસપ્રદ સંસાધનો પ્રદાન કરે છે. TD તમારી સુવિધા માટે વધુ સમય ખુલ્લું રહે છે અને કેનેડાભરમાં હજારો એટીએમ છે, જે તમને તમારી રોજીંદી બેન્કિંગ જરુરિયાતો ઝડપથી અને સરળતાથી પૂરી કરવામાં મદદ કરે છે.

**બેન્કિંગ માટે તૈયાર છો ?**

TD New to Canada Banking Package વિશે વધુ જાણકારી મેળવો.

TD New to Canada Banking Package વિશે TD Personal Banking Associate સાથે વાત કરવા માટે એપોઈન્ટમેન્ટ બુક કરો. તમે તરત જ ઓનલાઈન બુક કરી શકો છો અથવા વધુ જાણવા માટે TD વેબસાઈટની મુલાકાત લઈ શકો છો.

**કાનૂની સ્વીકાર્યતા અંગે જાણકારી મેળવો**

TD બેંક ગ્રુપ અને અન્ય સ્ત્રોતો દ્વારા વેબસાઈટ પર મૂકવામાં આવતી માહિતીને સચોટ અને વિશ્વસનીય માનવામાં આવે છે. પરંતુ તે હંમેશા સચોટ અથવા સંપૂર્ણ કે વર્તમાન છે તેની ખાતરી આપી શકાતી નથી. ટીડી બેંક ગ્રુપના ઉત્પાદનો અને સેવાઓ ફક્ત તે જ અધિકારક્ષેત્રોમાં ઓફર કરવામાં આવે છે જ્યાં તેઓ કાયદેસર રીતે વેચાણ માટે ઓફર કરી શકાય. બધા ઉત્પાદનો અને સેવાઓ લાગુ કરારની શરતોને આધીન છે. જેથી બેંકીંગ સેવા અંગેની વર્તમાન માહિતી ફેરફારને પાત્ર પણ હોઈ શકે છે. માટે કાનૂની સ્વીકાર્યતા અંગેની જાણકારી મેળવવી જરુરી છે.

TD લોગો અને અન્ય ટ્રેડમાર્ક ધ ટોરેન્ટો-ડોમિનિયન બેંક અથવા તેની પેટા કંપનીઓની મિલ્કત છે.

ઈમીગ્રેશન ટાઈમ્સ
IMMIGRATION TIMES



# ભારતમાં પ્રવેશ કરતા દરેક પ્રવાસી માટે કસ્ટમ ગાઈડ

**વિદેશમાં એક વર્ષથી વધુ સમયથી રહેતા ભારતીય યાત્રીને તેના બોનાફાઇડ સામાનમાં ડ્યુટી મુકિત સાથે દાગીના લાવવાની મંજૂરી છે. જેની કુલ કિંમત રૂ. ૫૦ હજાર (પુરુષ યાત્રીના કિસ્સામાં) અથવા રૂ. ૧ લાખ (સ્ત્રી યાત્રીના કિસ્સામાં) સુધીની હોઈ શકે છે**

(ગતાંકનું ચાલુ)

**૧૯૯૮ના સામાન નિયમો**

૧૯૯૮ના સામાન નિયમોના હેતુસર, વ્યવસાયિક સાધનો એટલે એવા પોર્ટેબલ સાધનો, ઈન્સ્ટુમેન્ટસ અને ઉપકરણો જે તે વ્યવસાયમાં જરુરી હોય છે, જેમાં પરત ફરતો પ્રવાસી રત હતો. આ અભિવ્યકિતમાં સુથાર, પ્લમ્બર, વેલ્ડર, મિસ્ત્રી અને તેમના જેવા લોકો દ્વારા વપરાયેલી વસ્તુઓનો સમાવેશ થાય છે. આ છૂટ કેમેરા, કેસેટ રેકોર્ડર, ડિકટેફોન, ટાઈપરાઈટર, પર્સનલ કમ્પ્યુટર અને તેવી અન્ય સામાન્ય વપરાશની વસ્તુઓ માટે ઉપલબ્ધ નથી.

**પ્રવાસઓ માટે ડયૂટી ફ્રી છૂટ અને લાભો**

**પ્રવાસીની વ્યાખ્યા**

પ્રવાસી એટલે એવો યાત્રી જે :

(a) સામાન્ય રીતે ભારતમાં રહેતો નથી અને

(b) કોઈપણ બાર મહિનાના સમયગાળામાં છ મહિનાથી વધુ રોકાવવા માટે ભારતમાં પ્રવેશ કરે છે. જેમ કે, પ્રવાસી પ્રવાસ, મનોરંજન, રમતગમત, આરોગ્ય, કૌટુંબિક કારણો, અભ્યાસ, ધાર્મિક યાત્રાળુ અથવા વ્યવસાય જેવા કાયદેસર હેતુઓ માટે.

ભારતમાં આવતા પ્રવાસીઓને તેમના બોનાફાઈડ સામાનમાં નીચે જણાવેલ હદ સુધીની વસ્તુઓની ડયુટી મુકિત મંજૂરી આપવામાં આવશે :

**લાયકાત ધરાવતા પ્રવાસીઓ**

**(a) પરિશિષ્ટમાં નિર્દિષ્ટ જમીન માર્ગો સિવાયના અન્ય માર્ગો દ્વારા ભારતમાં આવતા ભારતીય મૂળના પ્રવાસીઓ**

**મંજૂરી આપેલ વસ્તુઓ (ડયૂટી મુકિત)**

(i) વપરાયેલી વસ્તુઓ અને પ્રવાસી સ્મૃતિ ચીજો, જો :

(a) આ ચીજો પ્રવાસીના વ્યકિતગત ઉપયોગ માટે હોય અને

(b) ભારતમાં રહેવાના સમયગાળા દરમ્યાન વપરાયેલી ચીજો સિવાયની આ ચીજો, જયારે પ્રવાસી વિદેશી સ્થળે જવા માટે ભારત છોડે છે ત્યારે ફરીથી નિકાસ કરવામાં આવે છે.

(ii) નિયમ ૩ અથવા નિયમ ૪ હેઠળ મંજૂરી આપવાની જેમ મંજૂરી આપવાની થતી વસ્તુઓ

**(b) પાકિસ્તાન સિવાયના વિદેશી મૂળના પ્રવાસીઓ હવાઈ માર્ગે ભારતમાં આવે છે**

**મંજૂરી આપેલ વસ્તુઓ (ડયૂટી મુકિત)**

(i) વપરાયેલી વસ્તુઓ

(ii) પરિશિષ્ટમાં જણાવેલી વસ્તુઓ સિવાયની વસ્તુઓ પ્રવાસીના વ્યકિતગત ઉપયોગ માટે અથવા ભેટ અથવા પ્રવાસી સ્મૃતિ ચીજો તરીકે ૮૦૦૦ની કિંમત સુધીની હોય, જો તે પ્રવાસી સાથે રાખેલી અથવા સામેના સામાનમાં હોય

**(c) પ્રવાસીઓ**

**મંજૂરી આપેલ વસ્તુઓ (ડયૂટી મુકિત)**

(i) જમીન માર્ગો સિવાયના અન્ય માર્ગો દ્વારા પાકિસ્તાનથી આવતા પાકિસ્તાની મૂળના

(ii) પરિશિષ્ટમાં નિર્દિષ્ટ જમીન માર્ગો દ્વારા આવતા પાકિસ્તાની મૂળના અથવા વિદેશી પ્રવાસીઓ

(iii) પરિશિષ્ટમાં નિર્દિષ્ટ જમીન માર્ગો દ્વારા આવતા ભારતીય મૂળના

(i) વપરાયેલી વસ્તુઓ

(ii) પરિશિષ્ટમાં જણાવેલી વસ્તુઓ સિવાયની વસ્તુઓ પ્રવાસીના વ્યકિતગત ઉપયોગ માટે અથવા ભેટ અથવા પ્રવાસી સ્મૃતિ ચીજો તરીકે ૬૦૦૦ની કિંમત સુધીની હોય, જો તે પ્રવાસી સાથે રાખેલી અથવા સાથેના સામાનમાં હોય

**વારંવાર પૂછાતા પ્રશ્નો**

**૧.કિલયરન્સના માર્ગો (Channels of Clearance) શું છે ?**

કસ્ટમ્સ કિલયરન્સ માટે બે ચેનલો છે :

**(i) લીલી ચેનલ :** જે યાત્રીઓ પાસે કોઈ કરપાત્ર સામાન નથી તેમના માટે

**(ii) લાલ ચેનલ :** કરપાત્ર સામાન ધરાવતા યાત્રીઓ માટે

કસ્ટમ્સ કિલયરન્સ માટે યોગ્ય ચેનલ પર રિપોર્ટ કરવા યાત્રીઓને સલાહ આપવામાં આવે છે.

**૨. દાગીના (Jewellery) સામાન તરીકે કોણ લાવી શકે ?**

વિદેશમાં એક વર્ષથી વધુ સમયથી રહેતા ભારતીય યાત્રીને તેના બોનાફાઈડ સામાનમાં ડયુટી મુકિત સાથે દાગીના લાવવાની મંજૂરી છે. જેની કુલ કિંમત રૂ. ૫૦ હજાર (પુરુષ યાત્રીના કિસ્સામાં) અથવા રૂ. ૧ લાખ (સ્ત્રી યાત્રીના કિસ્સામાં) સુધીની હોઈ શકે છે.

**૩. દારુ/સિગારેટની આયાત માટેના નિયમો શું છે ?**

આવનાર યાત્રીઓની વિવિધ કેટેગરી માટે મંજૂરી આપેલ ડયુટી ફ્રી છૂટમાં નીચે દર્શાવેલ માત્રામાં દારુ અને તમાકુની આયાત કરી શકાય છે.

- દારૂ અથવા વાઈન ૨ લીટર સુધી
- ૧૦૦ સિગારેટ અથવા ૨૫ સીગાર અથવા ૧૨૫ ગ્રામ તમાકુ

ઉપરોકત મુકિત ઉપરની આયાત પર લાગુ પડતો ડયૂટી દર નીચે મુજબ છે :

- સિગારેટ BCD@100% + શિક્ષણ સેસ @ 3%
- વ્હીસ્કી BCD@150% + ACD@4% + 4%શિક્ષણ શૂન્ય
- બિયર BCD@100% + ACD શૂન્ય + 3%શિક્ષણ શિક્ષણ સેસ

**૪. સોના [Gold]ને સામાન તરીકે કોણ આયાત કરી શકે ?**

ભારતીય મૂળનો કોઈપણ યાત્રી અથવા ૧૯૬૭ના પાસપોર્ટ અધિનિયમ હેઠળ જારી કરાયેલા માન્ય પાસપોર્ટ ધરાવતો કોઈપણ યાત્રી, જે વિદેશમાં ઓછામાં ઓછા છ મહિનાના રોકાણના સમયગાળા પછી ભારતમાં આવી રહ્યો હોય અને ઉપરોકત છ મહિનાના સમયગાળા દરમ્યાન યાત્રી દ્વારા કરવામાં આવેલી ટૂંકી મુલાકાતો, જો આવી મુલાકાતો પર રોકાણની કુલ અવધિ ત્રીસ દિવસ કરતાં વધુ ન હોય તો તે અવગણવામાં આવે છે.

**અન્ય શરતો**

(i) ડયૂટી ચલણી વિદેશી કરન્સીમાં ચૂકવવાની રહેશે. ૧૭ માર્ચ,૨૦૧૨ના સૂચના નંબર ૧૨/૨૦૧૨ કસ્ટમ મુજબ સોનાના કોઈપણ સ્વરુપ માટે ડયુટીનો વર્તમાન દર ૧૦ ટકા છે.

(ii) સોનાનું વજન (દાગીના સહિત) પ્રતિ યાત્રીએ ૧ કિ.ગ્રા. કરતાં વધુ ન હોવું જોઈએ.

(iii) યાત્રી સોનું તો તેના આગમન સમયે પોતે લાવી શકે છે અથવા તેના ભારત આગમનના પંદરમા દિવસની અંદર સાથે ન લાવેલ સામાન તરીકે આયાત કરી શકે છે.

(iv) યાત્રી ઉપરોકત શરતો (i) અને (ii)ને આધીન રહી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને મેટલ્સ એન્ડ મિનરલ્સ ટ્રેડિંગ કોર્પોરેશનના કસ્ટમ્સ બંધિત વેરહાઉસમાંથી મંજૂરી પ્રાપ્ત માત્રાનું સોનું મેળવી શકે છે. ભારત આગમન સમયે કસ્ટમ્સ અધિકારી સમક્ષ ફોર્મમાં જાહેરનામું દાખલ કરવું આવશ્યક છે. જેમાં તેણે કસ્ટમ્સ બંધિત વેરહાઉસમાંથી સોનું મેળવવાની અને પરવાનગી પહેલા ડયૂટી ચૂકવવાની ઈચ્છા જણાવવાની રહેશે. સોના અને ચાંદીની કિંમત સમયાંતરે સૂચના દ્વારા આઈટમ માટે નિર્ધારિત મૂલ્ય મુજબ લેવામાં આવશે.

**૫. ચાંદી (Silver)ને સામાન તરીકે કોણ આયાત કરી શકે ?**

(a) ભારતીય મૂળનો કોઈપણ યાત્રી

(b) ૧૯૬૭ના પાસપોર્ટ અધિનિયમ હેઠળ જારી કરાયેલ માન્ય પાસપોર્ટ ધરાવતો કોઈપણ યાત્રી

**શરતો**

(i) ચાંદીનું વજન (દાગીના સહિત) પ્રતિ યાત્રીએ ૧૦ કિ.ગ્રા.ની માત્રા કરતા વધુ ન હોવું જોઈએ

(ii) આવો યાત્રી વિદેશમાં ઓછામાં ઓછા છ મહિનાના રોકાણના સમયગાળા પછી ભારતમાં આવી રહ્યો હોય. આ છ મહિના દરમ્યાન ટૂંકી મુલાકાતોને અવગણવામાં આવશે, જો આવી ટૂંકી મુલાકાતોની કુલ અવધિ 30 દિવસ કરતાં વધુ ન હોય અને આવા ટૂંકી મુલાકાતોના સમયે યાત્રીએ આ યોજના હેઠળ મુકિતનો લાભ લીધો ન હોય.

(iii) ડયૂટી ચલણી વિદેશી મુદ્રામાં ચૂકવવાની રહેશે. ૧૭ માર્ચ, ૨૦૧૨ના સૂચના નંબર ૧૨/૨૦૧૨ કસ્ટમ મુજબ ચાંદીની કોઈપણ સ્વરુપ માટે ડયૂટી નો વર્તમાન દર ૧૦ ટકા છે.

(iv) યાત્રી ચાંદી તો તેના આગમન સમયે પોતે લાવી શકે છે અથવા તેના ભારત આગમનના પંદર દિવસની અંદર સાથે ન લાવેલ સામાન તરીકે આયાત કરી શકે છે.

(અનુ પાન નં. ૪)

ઈમીગ્રેશન ટાઈમ્સ
IMMIGRATION TIMES

# સાચો ત્યાગ સ્વનિર્ભર અને સ્વાવલંબી હોય, લાચાર ન હોય

## રાષ્ટ્રીય તીર્થ આંદામાન



સ્વામી સચ્ચિદાનંદનાં વિદેશ પ્રવાસ વર્ણનો



## જે દેશ અને પ્રજા પોતાના વિદ્વાનો, દાર્શનિકો, ચિંતકો, વૈજ્ઞાનિકો અને સુધારકોની કદર કરતો રહે છે તે ગૌરવભર્યું પદ પ્રાપ્ત કરે છે

(ગતાંકનું ચાલુ)

**વિદાય**

અંતે ત્રીજી તારીખ આવી. અમરેલી, રાજકોટ અને ઊંઝાના પ્રવાસીઓ અમદાવાદથી ટ્રેનમાં બેઠા, મારે આણંદથી બેસવાનું હતું અને કેટલાક પ્રવાસીઓ સુરતથી બેસવાના હતા. સૌના મન હરખના હિંડોળે હિંચકા ખાતાં હતાં. ઉમેશની તો વાત જ શી રવી ! આણંદથી હું ટ્રેનમાં બેઠો. ફુલહાર વગેરેના દ્વારા મારું સ્વાગત કરાયું. વડોદરા આવતાં આવતાં ઉમેશે પ્રવાસવર્ણનનું ગીત ગાવા માંડયું તથા ઈશ્વર પ્રાર્થના કરી. સુરત આવતા જ જીવરાજ ડાંખરા, ખીમજીભાઈ વગેરે ઘણા લોકો આવ્યા અને ઘણુંબધું જમવાનું લાવ્યા.

તમારા મિત્રો, ચાહકો કે સ્નેહીજનો જયારે અવસર આવ્યે સહાયક બને છે કે સાથે ઉભા રહે છે ત્યારે તમને હૂંફનું સુખ મળે છે. હૂંફના સુખ વિનાનો માણસ નિરાધાર થઈ જતો હોય છે. એકાકી માણસ જીવનસંગ્રામને સારી રીતે લડી શકતો નથી. પ્રથમથી તો નાસ્તાનો ઢગલો હતો જ ત્યાં અહીં ઢગલા ઉપર ઢગલો થયો. વિશ્વમાં આવું જ થતું હોય છે. ખાડામાં ખાડો અને ઢગલા ઉપર ઢગલો થાય તેનું નામ તો સંસાર છે. સુરતથી અમારી ટ્રેન સમયસર ઉપડી અને જલગાંવ–ભુસાવળ તરફથી પ્રાચીન ટાપ્ટીવેલીના પાટા પર ધડધડાટ દોડવા માંડી. આ જ ટાપ્ટીવેલીના પાટેપાટે પર વર્ષ ઉપર મેં ગૃહત્યાગ કર્યા પછી અકિંચન થઈને ગુરુની શોધમાં પ્રયાણ કર્યુ હતું તે યાદ આવી ગયું. બધાંએ પેટ ભરીને ભોજન કર્યુ. અમારી અને આવેલી વાનગીઓનો પાર ન હતો. જમીને બધાએ પોતપોતાની બર્થ ઉપર લાંબી તાણી. ખાવું અને ઊંઘવું જ પ્રવૃતિ રહી ગઈ હતી. અંતે સાંજે પાંચેક વાગ્યે જલગાવ આવ્યું.

કેટલાય દિવસોથી અહીંના એક ભાઈ દિનેશભાઈ કક્કડ મને વારંવાર ફોન કરતા હતા કે ટ્રેન ઉપર બધાને જમાડવા છે. આ ભાઈનો પરિચય માત્ર મારાં પુસ્તકો અને કેસેટો પૂરતો જ હતો. તેઓ અવારનવાર દંતાલી આવતા અને ઢગલો પુસ્તકો, કેસેટો લઈ જતા. પણ પછી ઊંઝાના મહેશભાઈ ઈશ્વરભાઈ ઘૈણાતનો પણ ફોન આવ્યો. પેલા ભાઈ ચા, નાસ્તો લાવે અને મહેશભાઈ બાજરીના રોટલા અને દાળભાત લાવે. તેવું જ થયું. જળગાંવના ચાહકોએ મોટી વજનદાર માળાથી મને ઢાંકી દીધો અને એટલું બધું ખાવાનું લાવ્યા કે બે,ત્રણ દિવસ ચાલે. છેક ભુસાવળ સુધી મૂકવા આવ્યા. ચાહત કેટલી બધી પ્રિય અને સુખદાયી હોય છે તેનો અજબ અનુભવ થયો. ચાહત વિનાનો માણસ નીરસ થઈ જતો હોય છે. ખરેખર તો નીરસ માણસ જ ચાહત મેળવી શકતો નથી. રાત પડી ચૂકી છે. જળગાંવવાળા ભાઈઓ પાછા વિદાય થયા અને અમે બધા સૂવાની તૈયારી કરવા લાગ્યા.

સવાર પડયું અને વિજયવાડા જંકશન આવ્યું.ઘણો સમય ગાડી ઊભી રહી. તુંગભદ્રા નદી ઉપર બાંધેલા નાગાર્જુન બંધ ઉપરથી નીકળેલી મોટી નહેર અહીંથી પસાર થઈ રહી છે. નાગાર્જુન પ્રખર બૌદ્ધ વિદ્વાન થઈ ગયા. તેમની સ્મૃતિમાં બંધનું નામ નાગાર્જુન પાડવામાં આવ્યું છે. જે દેશ અને પ્રજા પોતાના વિદ્વાનો, દાર્શનિકો, ચિંતકો, વૈજ્ઞાનિકો અને સુધારકોની કદર કરતો રહે છે તે ગૌરવભર્યું પદ પ્રાપ્ત કરે છે. આઝાદી પછી બનાવેલા આવા અનેક બંધોએ ભારતની અન્ન અને ગરીબીની સમસ્યા ઉકેલવામાં બહુ મહત્વનો ભાગ ભજવ્યો છે.

હવે અમે કૃષ્ણા નદીને પાર કરી રહ્યા છીએ. એકસાથે નદી ઉપર ત્રણ પુલો બંધાયા છે. જેના દ્વારા વાહનવ્યવહાર સરળ બન્યો છે. રાષ્ટ્રના વિકાસ માટે માર્ગો અને પુલો બહુ જ જરુરી છે. બાજુમાં જ નાની પર્વતમાળા ચાલી રહી છે. અહીં નહેરના કારણે ત્રણ ત્રણ પાક લેવાય છે. અત્યારે કમોદ ડાંગર ઉભી છે. ચારે તરફ લીલુંછમ વાતાવરણ છે. પાણી સૂકાને લીલું બનાવે છે. લીલું સમૃદ્ધિનું પ્રતીક છે.

અમારી ટ્રેન ધડધડાટ ચાલી રહી છે. ત્યાં રેલવેનું ચેકીંગ આવ્યું. મોટાભાગે જયાં ગૃપમાં પ્રવાસ થતો હોય ત્યાં બેચાર નામોની હેરફેર થઈ જ જતી હોય છે. કેટલાક લોકો છેવટની ઘડીએ કેન્સલ થતા હોય છે અને કેટલાક લોકો છેવટની ઘડીએ જોડાતા હોય છે. છેવટની ઘડીએ નામોનો ફેરફાર કરવો સરળ નથી હોતો. એટલે ગૃપવાળા એના એ જ નામે નવા પ્રવાસીઓને પ્રવાસમાં જોતરી દેતા હોય છે અને કદાચ ચેકીંગ થાય તો પેલું જૂનું નામ બોલવાનું સમજાવી દેતા હોય છે. ચેકીંગવાળાએ સૌથી પહેલાં બધાનાં નામ અને ઉંમર લખી, પછી ચેક કરતા ત્રણ, ચાર નામોમાં હેરફેર જણાઈ. ઉમેશે ઘણી રકઝક કરી. કશું ન ચાલ્યું. રેલવેનો ઓફિસર પ્રમાણિક હતો. અંતે તેણે દશેક હજારનો દંડ કરી બધું ઠીક કરી દીધું. આમાંથી સૌએ બોધપાઠ લેવાનો રહ્યો. પ્રવાસીઓ વગર ટિકિટે પ્રવાસ કરતા નહોતા. ટિકિટ તોહતી જ પણ નામફેર હતો. જેથી દંડ થયો. પ્રવાસ માટે માત્ર ટિકિટ પર્યાપ્ત નથી. જે નામે ટિકિટ લીધી હોય તે જ નામવાળો માણસ જ પ્રવાસ કરી શકે. છેલ્લી ઘડીએ નામમાં પરિવર્તન કરી શકાય પણ રકતનો સંબંધ હોય તોજ, નહિં તો નહિં.

અંતે અમે ગુડુર પહોંચ્યા. બેની જગ્યાએ ચાર વાગ્યે ટ્રેન ગુડુર પહોંચી. અર્થાત બે કલાક મોડી પહોંચી. અમે કયાંય લાલુ પ્રસાદનાં માટીનાં કુલ્લડ ન જોયાં. બધા જ ચાવાળા પ્લાસ્ટીકના કપ લઈને ફરતા હતા. કેટલાક રાજનેતાઓ શેખચલ્લીના ભાઈઓ જેવા અવ્યવહારિક નિર્ણયો કરીને પ્રજાની સગવડને અગવડમાં બદલી નાખતા હોય છે અને તેણ પૈસાનું આંધણ પણ પ્રજાનું જ કરીને. અમારે ગુડુરથી તિરુપતિ બાલાજી જવાનું છે. અમે બધાં ટ્રેનમાંથી ઉતરીને બસ તરફ ગયા. દક્ષિણ ભારતમાં ચૂંટણી વખતે નેતાઓનાં કટઆઉટ પુષ્કળ પ્રમાણમાં લગાવાય છે. તેમાં પણ ચલચિત્રના હિરો, કલાકારો અહીં દેવતા થઈને પૂજાય છે. ચારે તરફ નેતાઓનાં મોટાંમોટાં ચિત્રો જ ચિત્રો છવાઈ ગયાં છે. ચાલુ બસે શહેર જોતા જોતા અમે શહેર બહારના રસ્તે ચઢી ગયા. રસ્તો સરસ છે. છેલ્લા પાંચ,દસ વર્ષોમાં દેશમાં સારા રસ્તા બન્યા છે. અમારી બસ સડસડાટ તિરુપતિ તરફ દોડી રહી. આ ભાગમાં ઘણો વરસાદ થયો હોવાથી હજી પણ ખેતરો વગેરેમાં તળાવ જેવું પાણી ભરાયેલું છે. રોડની બન્ને તરફ અવારનવાર વસ્તીનાં ટોળા ઉભેલાં જોવા મળે છે. તે શ્યામ વર્ણના છે તથા ઢીંચણ ઉપર લૂંગીને ડબલ કરીને ઉભા છે. મને થાય કે એ ઢીંચણ ઉપર જ લુંગી પહેરવાની હોય તો તેટલા જ પનાવાળા કાપડનો ઉપયોગ કેમ ન કરાય? લાંબો પનો રાખીને પછી ડબલ કરવું તેના કરતાં અડધો જ પતો હોય તોપણ તેટલું જ કામ થઈ શકે.

મેં જોયું કે રસ્તાની બાજુમાં એક દિગંબર જૈન સાધુ ચાલી રહ્યા છે. જેમની આજુબાજુ પાંચેક માણસો પણ ચાલી રહયા છે. તેમની વ્યવસ્થા અને રક્ષણ કરવા માટે તે બધા ચાલતા હશે. ત્યાગ લાચાર બની ગયો છે. સાચો ત્યાગ સ્વનિર્ભર અને સ્વાવલંબી હોય, લાચાર ન હોય. એક મીટર કપડું પહેરાય તો આ પાંચની જરુર ન રહે, લાચારી ન રહે. પણ ધર્મનું શું?

ચાલુ બસે વારંવાર ખાવાની વાનગીઓ ફર્યા કરે છે. જગદીશભાઈ ચોખ્ખા ઘીના લાડુ લાવ્યા છે તે બધાને ખવડાવ્યા. બધાને ખૂબ ભાવ્યા. દાળભાત વગેરેની સાથે લાડુ ખાવ તેના કરતાં એકલો લાડુ ખાવ તો એ વધુ મીઠો લાગે તથા માત્રા પણ વધી જાય..

બધાએ પોતપોતાનો પરિચય આપ્યો. હવે તો ચારે તરફ શેરડી જ શેરડી છે. ગુજરાતની જાડી અને કાળી શેરડી ઘણો અને વધુ મીઠો રસ આપે છે. શેરડીનો મબલક પાક દેખાય છે.

અત્યારે દક્ષિણ ભારતમાં ઐયપ્પાની વ્રતસાધના ચાલી રહી છે. લોકો નિશ્ચિત દિવસો પૂરતાં કાળાં કપડાં પહેરે છે અને વ્રતો રાખે છે.

અમારા પ્રવાસમાં રાજકોટના ઈસ્માઈલભાઈ થીબા પણ છે. તે ઉદારમતવાદી મુસ્લિમ છે. તેમણે કહ્યું કે અમે ચુસ્ત રીતે સંતતિ નિયમનમાં માનીએ છીએ. એટલે બે બાળકો થતાં જ ઓપરેશન કરાવી નાંખીએ છીએ. દહેજ વગેરે કશું લેતા નથી તેમજ દેતા પણ નથી. ઈસ્માઈલભાઈ બહુ સજ્જન અને મિલનસાર મુસલમાન છે. કટ્ટરતા એક અંશમાં પણ નથી. એટલે તે ઝનૂની નથી.

અમે રસ્તા પર જોયું કે ટ્રકો ઘણી છે પણ કારો કે સ્કુટરો બહુ ઓછાં છે. તેના ઉપરથી પ્રજાની આર્થિક સ્થિતિનો ખ્યાલ આવી શકે છે. જે પ્રજા વ્યાપારી નથી હોતી તે બહુ સમૃદ્ધ નથી હોતી. ગુજરાતની સમૃદ્ધિનું કારણ પ્રજાનો મોટો વર્ગ વ્યાપારી તથા ઉદ્યોગપતિઓનો છે.

તિરુપતિ દેવસ્થાનમ પર્વત ઉપર છે. તેનું ખરું નામ તિરુમલા છે. નીચે જે શહેર છે તેનું નામ તિરુપતિ છે. આ બન્નેના ભેદને ઘણા જાણતા નથી. અમે તિરુપતિ શહેરમાં તિરુમલા રેસીડેન્સીઅલ હોટલમાં ઉતારો કર્યો. અમે કુલ ૩૨ જણા છીએ. આમ તો અમે સાથે જ રસોઈયો લીધો છે , પણ જમવાનું મોડું થવાનું હોવાથી અમે ત્રણ,ચાર જણાએ દાળભાત વગેરે મંગાવીને જમી લીધું. હવે અમારે ઉપર તિરુમલા જવા માટે બસમાં જવાનું છે. યોગાનુયોગ બસ ભંગાર અને જૂની મળી. એન્જિનનો અવાજ માથું ફાડી નાખે તેવો હતો. ઢાળ ચઢતા બધાં વાહનો ઓવરટેક કરીને આગળ નીકળી ગયાં. અમારી બસ પાછળ પડતી રહી.

એક સ્થળે સિગારેટનું ચેકીંગ થયું. ઉપર તિરુમલામાં ધુમ્રપાન તો ન જ થઈ શકે. બીડી કે સિગારેટ પણ લઈ જઈ શકાય નહી. બીડી, સિગારેટ હોય તો ફેંકી દેવાનું કે પછી જમા કરાવી દેવાનું. આ નિયમ મને ગમ્યો. ધુમ્રપાનમુકત તીર્થ થવાં જોઈએ. ગુટકામુકત પણ થાય તો સારું.

અમારું રગસિયું ગાડુ સાડા નવે ઉપર પહોંચ્યું. પણ વાંધો નહી. અમરેલીના વીરજીભાઈ એમ.પી.નો અમારી પાસે પત્ર હતો. જેથી વીઆઈપી તરીકે અમને બે વાગ્યે દર્શન કરાવી દેવાનાં હતાં. અમે બધા નિશ્ચિત હતા. પહોંચ્યા પછી અમારો એક કલાક તો પૂછતાછમાં જ વીતી ગયો અંતે દસ વાગ્યા પછી ખબર પડી કે વીઆઈપીની સો રુપિયાવાળી ટિકિટ તો બધાંને ખુલ્લી રીતે વેચાય છે. કોઈની ચિઠ્ઠીની જરુર જ ન હતી. અમે ટિકિટ લીધી અને લાઈનમાં ઉભા રહ્યા ત્યારે સાડા દસ થઈ ગયા હતા. ખરેખર તો ચિઠ્ઠી વિના જ આવતાં જ સીધી ટિકિટ લીધી હોત તો સાડા નવે અમે લાઈનમાં ઉભા રહી શકયા હોત. ભગવાનનાં દર્શન માટેની લાગવગ, ભલામણમાં અમારો એક કલાક વ્યર્થનો વીતી ગયો હતો. તિરુપતિમાં જુદી જુદી જગ્યાએ આવવા જવા માટે ઘણું લાંબું ચાલવું પડે છે. માણસ થાકી જાય અને વીઆઈપી લાઈન પણ છેડો ન દેખાય તેટલી લાંબી. બબ્બે માણસો એકસાથે ચાલી શકે તેટલી પહોળી લોખંડના સળિયાથી ગાંઠી દીધેલી ગલીમાં દર્શનાર્થીઓ કીડી વેગે આગળ વધવા લાગ્યા. લોખંડના ચોરસ જાડા સળિયાની ચોકડી પાડેલી ગલી એટલી મજબૂત કે ઘણ મારો તોપણ ન તૂટે. આવી સખત વ્યવસ્થા કેમ રાખી હશે? અમારી બાજુમાં ૫૦ રુપિયાની ટિકિટવાળા પણ આવી જ ગલીમાં ચાલી રહ્યા છે. જો કોઈ એક મોટો ફટાકડો ફોડે અને ભગદડ મચે જો ૨,૪ હજાર માણસો કચરાઈને મરી જાય. ભાગવાનો કોઈ રસ્તો જ નથી. છેક છત સુધી જાડા સળિયાની ચોકડીઓ જડેલી હોવાથી કૂદીને જવાની પણ તક નથી. ન તો આગળ જવાય કે ન પાછળ જવાય. આવી વ્યવસ્થા જોઈને મને ઘોર નિરાશા થઈ. ભવિષ્યમાં કદાચ કોઈ ભગદડ મચશે તો ૨,૪ હજાર માણસો કચરાઈ જશે તેવું સ્પષ્ટ દેખાય છે. જેલના કેદીઓ જેવા સળિયા વાપર્યા હોય તેવું લાગે છે.

(વધુ આવતા અંકે)

ઈમીગ્રેશન ટાઈમ્સ
IMMIGRATION TIMES



# ૨૦૨૪માં અમેરિકન વિઝા ફીમાં વધારાની થનાર અસર

## USCIS ના મતે આ વધારો તેમની કામગીરી ખર્ચ જેવા કે સ્ટાફ, ગ્રાહક સેવા, અધિકારી તાલીમ અને આશ્રય-શરણાર્થી સહાય જેવી બાબતો માટે વધુ ભંડોળ મેળવવા કરવામાં આવ્યો છે

(ITN)

૧ એપ્રિલ,૨૦૨૪થી અમેરિકાની નાગરિકતા અને ઈમીગ્રેશન સેવાએ વિઝા ફીમાં ઘણા ફેરફારો કર્યા છે. મોટાભાગની વિઝા કેટેગરીની ફીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આ રિપોર્ટમાં નવી ફી, તેની અસરો અને પરિણામો વિશે સરળ સમજ આપવાનો પ્રયાસ કરાયો છે. ખાસ કરીને જે લોકો અમેરિકામાં કામ કરવા, રહેવા કે રોકાણ કરવા માંગે છે તેમના પર શું અસર પડશે તે પણ જાણવું જોઈએ.

**H-1B :** વિઝા ફીમાં ૭૦ ટકા વધારા સાથે ૭૮૦ ડોલર થઈ છે.

**L-1 :** ૨૦૧ ટકા વધારા સાથે વિઝા ફી ૧૩૮૫ ડોલર થઈ છે

**E-1 and E-2 [Treaty Trader/ Investor :** ૧૨૧ ટકા સુધીના વધારા સાથે વિઝા ફી ૧૦૧૫ ડોલર થઈ છે

**O [Extraordinary Ability] :** ૧૩૦ ટકા વધારા સાથે વિઝા ફી ૧૦૫૫ ડોલર થઈ છે.

**TN [NAFTA Professional] :** ૧૨૧ ટકા વધારા સાથે વિઝા ફી ૧૦૧૫ ડોલર થઈ છે.

**H-3 {Trainee/ Special Education] :** ૧૨૧ ટકા વધારા સાથે વિઝા ફી ૧૦૧૫ ડોલર થઈ છે.

**P [Athietes, Artists, Entertainers]:** ૧૨૧ ટકા વધારા સાથે વિઝા ફી ૧૦૧૫ ડોલર થઈ છે.

**Q [Cultural Exchange] :** ૧૨૧ ટકા વધારા સાથે વિઝા ફી ૧૦૧૫ ડોલર થઈ છે.

**R [Reilgious Workers] :** ૧૨૧ ટકા વધારા સાથે વિઝા ફી ૧૦૧૫ ડોલર થઈ છે.

**EB-5 [Investor Green Card] :** ૨૦૩ ટકા વધારા સાથે વિઝા ફી ૧૧૧૬૦ ડોલર થઈ છે.

**I-130 [Family Based Green Card] :** ૨૬ ટકા સુધીના વધારા સાથે વિઝા ફી ૬૭૫ ડોલર (પેપર) અને ૬૨૫ ડોલર (ઓનલાઈન) થઈ છે.

**I-485 [Adjustment of Status Green Card] :** ૧૮ ટકા વધારા સાથે વિઝા ફી ૧૪૪૦ ડોલર થઈ છે.

### Discounted Rates For Small Employers and Non-Profits

અમેરિકાની નાગરિકતા અને ઈમીગ્રેશન સેવા (USCIS)એ વિઝા ફીમાં વધારો કર્યો છે. USCIS કહે છે કે આ વધારો તેમની કામગીરી ખર્ચ જેવા કે સ્ટાફ, ગ્રાહક સેવા, અધિકારી તાલીમ અને આશ્રય–શરણાર્થી સહાય જેવી બાબતો માટે વધુ ભંડોળ મેળવવા કરવામાં આવ્યો છે.

જો કે ડિસેમ્બર ૨૦૧૬ પછી ફુગાવાનો દર ૨૬ ટકા જેટલો છે અને USCISએ પણ નક્કી કરેલું છે કે ફી વધારો ફુગાવાના દરથી વધુ ના હોવો જોઈએ. છતાં અમુક વિઝા કેટેગરી માટે ફી વધારો આ દર કરતાં પણ વધારે કરવામાં આવ્યો છે.

નવા ફી વધારાથી લોકો નારાજ છે. ખાસ કરીને EB-5 વિઝા (રોકાણકારો માટેના વિઝા) માટે ફી ખૂબ જ વધારી દેવામાં આવી છે. આ ફી વધારાના નિયમ સામે પણ ૫ ૪૦૦થી વધુ લોકોએ પોતાના વિચારો અને સૂચનો આપ્યા હતા. ઘણા લોકોને ચિંતા છે કે આટલી મોટી રકમ ભરવાથી ઘણા લોકો અમેરિકાના વિઝા જ નહિ લે અને આખરે અમેરિકાને વિદેશથી ટેલેન્ટ અને રોકાણ મેળવવામાં તકલીફ પડશે.

**ફી વધારાની અસરો**

**આર્થિક સ્પર્ધા :** H-1B અને L-1 વિઝાની ફી ખૂબ વધારવાથી અમેરિકન કંપનીઓ હવે વિદેશથી ટેલેન્ટેડ કર્મચારીઓને નોકરીએ રાખવાનું ટાળશે અને તેનો ફાયદો બીજા દેશોને મળશે.

**રોકાણમાં ઘટાડો :** EB-5 વિઝાની ફી ખૂબ વધારવાથી અમેરિકામાં રોકાણ કરવા ઈચ્છુક રોકાણકારો હવે રોકાણ કરતા અચકાશે અને આનાથી અમેરિકાના આર્થિક વિકાસને અસર કરશે.

**પરિવાર ભેગા થવામાં મુશ્કેલી :** અમેરિકામાં પોતાના પરિવારને ભેગા કરવા ઈચ્છુક લોકો માટે પણ હવે વિઝા મોંઘા થઈ જવાથી મુશ્કેલી સર્જાશે. જેનાથી પરિવાર લાંબા સમય સુધી અલગ રહેશે અને તેમને માનસિક તણાવનો સામનો કરવો પડશે.

**નવા નિયમો :** ૨૦૨૪ના આ નવા ફી વધારાના નિયમો અમેરિકાના વિઝા મેળવવાની પ્રક્રિયાને ખૂબ મોંઘી બનાવી દે છે. આ નિયમો USCISની કામગીરી સુધારવા અને વિઝા પ્રોસેસીંગ ઝડપી બનાવવા માટે લાવવામાં આવ્યા છે. પરંતુ તેના કારણે વિઝા હવે વધુ મોંઘા અને મુશ્કેલ બની ગયા છે.



# STUDY IN USA
# યુ.એસ.જનારા વિદ્યાર્થીઓ જોગ સલાહ-સૂચન

(ITN)

યુ.એસ.માં ભણવા જવું તે એક ગંભીર બાબત છે. યુ.એસ.માં અભ્યાસ એક શ્રેષ્ઠ વિકલ્પ હોય છે. આપના લોંગ ટર્મ એજયુકેશનલ પ્લાન્સમાં ઉપયોગી બને તેમ ધ્યાનપૂર્વક અભ્યાસની પસંદગી કરવી. ફાયનાન્સિયલ એઈડ, સ્ટુડન્ટ વિઝા, રીકવાયર્ડ ટેસ્ટ વિશે વધુ જાણકારી મેળવવા નીચેની નોંધ વાંચો.



**ફાયનાન્સિયલ એઈડ એલીજીબીલીટી :**

યુ.એસ.ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશનના ફેડરલ સ્ટુડન્ટ એઈડ માટે મોટાભાગના ફોરેન સીટીઝન એલીજીબલ થતા નથી.આમ છતાં કેટલાક કિસ્સામાં નોનસીટીઝન યુ.એસ.ફેડરલ ડીપાર્ટમેન્ટના ફાયનાન્સિયલ એઈડ માટે એલીજીબલ બને છે. વધુ વિગત sutudentaid. gov/eligibility/non-us-citizens પરથી મેળવવી. આપ પોતાના દેશની ગર્વમેનટ પાસેથી તેમજ જે કોલેજમાં ભણવા જઈ રહયા હો તેની પાસેથી વધુ માહિતી મેળવી શકશો.

**એડમિશન ટેસ્ટ :**

ઈંગ્લીશ માતૃભાષા ન ધરાવતા દેશમાંથી આવતા વિદ્યાર્થીએ યુ.એસ.સ્કૂલમાં એડમિશન માટે ટોફેલ એકઝામ આપવાની રહે છે. જયારે અન્ડર ગ્રેજયુએટ ઈન્સ્ટીટયુટમાં એડમિશન માટે SAT કે ACT ટેસ્ટ આપવાનો રહે છે. SAT અને ACT એકઝામ વિશે વધુ વિગત માટે student aid.gov /prepare-for-college/tests તથા www.toefl.org પરથી ટોફેલ અંગેની વિગત મેળવવી.

**સ્ટુડન્ટ વિઝા :**

જો આપ ટુરીઝમ માટે યુ.એસ.જઈ રહયા હો અને સાથે સાથે શોર્ટ કોર્સ કરવા જઈ રહયા હો તો આપ ટુરીસ્ટ વિઝા પર તેમ કરી શકો છો. આ કોર્સ અઠવાડિયાના ૧૮ કલાક્ના સમયગાળાનો હોવો જોઈએ. નહી તો આપે સ્ટુડન્ટ વિઝા લેવાના રહે છે. મોટાભાગના દેશોમાં ફર્સ્ટ ટાઈમ સ્ટુડન્ટ વિઝા એપ્લિકન્ટે ઈન–પર્સન ઈન્ટરવ્યુ આપવાનું રહે છે. દરેક એમ્બેસી અને કોન્સ્યુલેટના પોતાની ઈન્ટરવ્યુ પોલીસી અને પ્રોસીજર હોય છે. આપના દેશની યુ.એસ.એમ્બેસી વેબસાઈટ પરથી માહિતી મેળવવી.

First st.N.E. Washington DC - 20202, www.federalstudentaid.ed.gov. 1-800-4-FED-AID પરથી વધુ માહિતી મેળવવી.

# હવાઈ મુસાફરી કરતા મુસાફરો માટે અગત્યની માહિતી

## જો તમે એરલાઈન દ્વારા ઓફર કરવામાં આવતી ઓલ્ટરનેટ ટ્રાવેલ એરેન્જમેન્ટ સ્વીકારતા નથી અથવા એરલાઈનના નિયંત્રણની બહારના અસાધારણ સંજોગોને લીધે ફલાઈટ રદ થાય છે ત્યારે તમે કોઈપણ પ્રકારના વળતર માટે હકદાર રહેશો નહી



(ITN)

હવાઈ મુસાફરી કરતા મુસાફરોએ રાખવાની કાળજી અને નિયમોના પાલન સહિતની જાણકારી તેમજ અગત્યની માહિતી પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**કોણે હવાઈ મુસાફરી કરવાનું ટાળવું જોઈએ ?**

બે દિવસથી ઓછી ઉંમરના નવજાત બાળક તેમજ પ્રેગનન્સીના ૩૬મા અઠવાડિયા પછી સ્ત્રીઓએ મુસાફરી કરવાનું ટાળવું જોઈએ.

કોરોનરી બાયપાસ ગ્રાફટ/એન્જીયોપ્લાસ્ટી તાજેતરમાં જ કરાવી હોય અને જયાં સુધી તેમને ડોકટર દ્વારા ફલાઈટમાં મુસાફરી કરવા માટે મંજૂરી મળી ન હોય ત્યાં સુધી તેઓએ હવાઈ મુસાફરી કરવાનું ટાળવું જોઈએ.

જો તમને અનસ્ટેબલ એન્જાઈના અથવા ચેસ્ટ પેઈન હોય, તાજેતરમાં જ હાર્ટ એટેક અથવા સ્ટ્રોક આવ્યો હોય. કાન અને નાકમાં સાયનસનું ઈન્ફેકશન થયું હોય. સીરીયલ કોનિક શ્વસન રોગ હોય અથવા કોઈપણ સક્રિય ચેપી રોગ હોય. વારંવાર અથવા કોઈ કોઈ વાર અસ્થમાના હૂમલા આવતા હોય વગેરે તકલીફ ધરાવતા લોકોએ હવાઈ મુસાફરી કરવાનું ટાળવું જોઈએ.

જો કોઈ વ્યકિતની તાજેતરમાં જ સર્જરી થઈ હોય અથવા તેને શરીરના કોઈ ભાગે વાગ્યું હોય અથવા ઈજા થઈ હોય. જેમ કે એબ્ડોમિનલ ટ્રોમા અને જઠરને લગતી સર્જરી, આઈ સર્જરી કે જેમાં આંખની કીકીની કોઈ સર્જરી થઈ હોય તો તેનો પણ સમાવેશ થાય છે.

**વિક્ષેપિત પેસેન્જર**

**ટ્રાવેલિંગમાં અવરોધ ઉભો ન થાય તે માટે પેસેન્જરોએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ?**

**પેસેન્જરોએ શું કરવું જોઈએ ?**

તમારી સીટની નજીક આપવામાં આવેલા સેફટી બ્રીફીંગ કાર્ડ વાંચો. તે બહાર નીકળવાનું સ્થાન અને ઈમરજન્સીના સાધનો વિશે મહત્વપૂર્ણ સેફટી ઈન્ફોર્મેશન આપે છે. તમારે ફલાઈટ દરમ્યાન સીટ બેલ્ટ બાંધવો જરુરી છે,ખાસ કરીને જયારે સીટ બેલ્ટની સાઈન ON હોય. લેન્ડિંગ કર્યા પછી સીટ બેલ્ટની સાઈન બંધ ન થાય ત્યાં સુધી તમારે તમારી સીટ પર જ રહેવું જોઈએ. ફલાઈટ દરમ્યાન ઓવરહેડ ડબ્બા બોલતી વખતે ખાતરી કરો કે કેબિનનો સામાન સીટ પર ન પડે અને અજાણતા સાથે રહેલા પેસેન્જરોને નુકસાન ન થાય તેની ખૂબ કાળજી લો. ફલાઈટ દરમ્યાન ફલાઈટ/કેબીન ક્રુ દ્વારા કરવામાં આવતા એનાઉન્સમેન્ટ પર હંમેશા ધ્યાન આપો. માટે તમારી સીટની નજીકના એરિયાને નીટ અને કલીન રાખવાનો પ્રયત્ન કરો. વધુમાં તમારી સાથેના પેસેન્જરને જરુર પડે તો તેમને મદદ કરો.

**પેસેન્જરોએ શું ન કરવું જોઈએ ?**

જો તમે સ્મોકીંગની ટેવ ધરાવતા હોવ તો પ્લેનની અંદર કે ટોયલેટમાં કયારેટ સ્મોકિંગ ન કરો. જયારે સીટ બેલ્ટની નિશાની ઓન હોય અને ક્રુ સ્ટેશન પર હોવું જરુરી હોય ત્યારે સર્વિસ માટે પૂછશો નહી. તમારી સાથેના સામાનને એવી રીતે ન રાખો કે તે ક્રુ મેમ્બર અથવા જોડે રહેલા પેસેન્જરને હલનચલન કરવામાં મુશ્કેલી પડે. ક્રૂની પરમીશન વિના સીટો બદલશો નહી. કારણ કે ડેસ્ટીનેશન સ્ટેશન પર લોડ પેનલ્ટીના કારણે કેટલીક સીટો ખાલી હોઈ શકે છે. પાંખ અથવા ગલી એરિયામાં ઉભા રહીને જોડેના પેસેન્જર અથવા ક્રૂને અવરોધ ઉભો કરશો નહી. કોકપિટમાં પ્રવેશવાનો પ્રયત્ન કરશો નહીં. તમારા ગુસ્સાથી અથવા તમારા વર્તનથી જોડે રહેલા પેસેન્જર અને ક્રૂને અસુવિધા ઉભી ન થાય તેનો ખાસ ખ્યાલ રાખો.

**વિકલાંગતા ધરાવતા પેસેન્જરની અવરજવર**

DGCA CAR, Section 3, series M, Part 1 મુજબ વિકલાંગતા ધરાવતા અથવા ઓછી ગતિશીલતા ધરાવતા પેસેન્જરને ફેસીલીટી પૂરી પાડવામાં આવે છે.

એરલાઈનને વિશેષ સહાય માટે જરુરી વ્યવસ્થા કરવા માટે તમારે ડિપાર્ચરના નિર્ધારિત સમયના ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલા તમારી જરુરિયાતોની જાણ કરીને જણાવવાની જરુર પડશે. તમારી એરલાઈનને તમારી ચોકકસ જરુરિયાતોને પહોંચી વળવા અને ડિપાર્ચર થતા એરપોર્ટના ડિપાર્ચર ટર્મિનલથી એરક્રાફટ સુધી અને એરક્રાફટથી અરાઈવલ ટર્મિનલ એક્ઝિટ સુધીના ટ્રાવેલિંગના અંતે સિમલેસ ટ્રાવેલ માટે મદદ કરવા માટે કહો.

જો કોઈપણ કારણોસર off લોડીંગ એરલાઈન દ્વારા કરવું પડતું હોય, તો તમે તમારા એસ્કોર્ટ સહિત જો કોઈ હોય તો ટ્રાન્સપોર્ટેશન માટે તમે સૌથી વધુ પ્રાયોરીટી ધરાવો છે. ખાતરી કરો કે તમને એરક્રાફટમાં સેફટી અને ઈમરજન્સીમાં ખાલી કરાવવાની પ્રોસેસ વિશે યોગ્ય રીતે ઈન્ફોર્મેશન આપવામાં આવી હોય.

જો તમે એસ્કોર્ટ વિના ટ્રાવેલ કરવા ઈચ્છો છો અને તમને એરપોર્ટ પર પ્લેનમાં માત્ર ઉતારવા/ઉતરવા માટે અને ફલાઈટમાં યોગ્ય આવાસ માટે વિશેષ સહાયની જરુર હોય તો તમારે મેડીકલ સર્ટિફિકેટ રજૂ કરવાની કે વિશેષ ફોર્મ ભરવાની જરુર નથી.

**પેસેન્જર માટે નીચે મુજબની ફેસીલીટીનો સમાવેશ થાય છે**

સિનિયર સિટીઝન, સગર્ભા માતા અને વિકલાંગ પેસેન્જર તરીકે તમે બોર્ડિંગ ગેટ સુધીના તમારા પ્રવેશ માટે ટર્મિનલ બિલ્ડીંગમાં ઓટોમેટેડ બગીઓ માટે પૂછી શકો છો. એરપોર્ટ ઓપરેટરો ૫૦ હજાર કે તેથી વધુની વાર્ષિક એરક્રાફટ મુવમેન્ટ ધરાવતાં એરપોર્ટ પર ઓટોમેટેડ બગીઓ ફ્રીમાં પ્રદાન કરે છે. જો તમને લાગે કે બોર્ડિંગ ગેટ થોડુંક ચાલવાના અંતરની બહાર આવેલું છે તો તમે ઓટોમેટેડ બગીઓ માટે પૂછી શકો છો.

●તમારી ફેસીલીટી માટે તમે બોર્ડિંગ ગેટ સુધી હેન્ડ બેગેજ લઈ જવા માટે સિકયુરીટી ચેકીંગ પછી એરપોર્ટ ઓપરેટર દ્વારા પૂરી પાડવામાં આવેલ નાની ટ્રોલીઓનો ઉપયોગ કરી શકો છો.

●ઓટોમેટેડ બગીઓ અને નાની ટ્રોલીઓ શોધવા માટે ટર્મિલ બિલ્ડીંગમાં લગાવેલ સંકેતો (નિશાની) જુઓ.

●જો ૨૪ કલાકથી ઓછા સમય માટે એરપોર્ટ પર તમારી ફલાઈટ ડીલે થાય છે, કેન્સલ થાય છે અથવા બોર્ડિંગ નકારવામાં આવે છે તો તમે એરપોર્ટ પર ભોજન અને નાસ્તા માટેના હકદાર છો.

●જો ૨૪ કલાકથી વધુ સમય માટે તમારી ફલાઈટ ડીલે થાય છે, કેન્સલ થાય છે અથવા બોર્ડિંગ નકારવામાં આવે તો તમે ટ્રાન્સફર ખર્ચ સાથે હોટલમાં રહેવા માટેના હકદાર છો.

**જો કે તેના માટે કેટલીક શરતો અને નિયમો છે :**

●જો અસાધારણ સંજોગોના કારણે વિલંબ થયો હોય તો એરલાઈનની વળતરની કોઈ જવાબદારી નથી.

●ઓપરેટીંગ એરલાઈનને આપેલ સંજોગોમાં બધી બાબતો વિચારીને પછી હોટલની પસંદગી કરવી જોઈએ

●જો તમે સમયસર ચેક ઈન કર્યુ હોય અને એરલાઈનને તેના મૂળ જાહેર કરેલા નિર્ધારિત સમય અથવા ડિપાર્ચરના સુધારેલા સમય કરતા મોડું થયું હોય તો તમે CAR, Section 3, Part IV અનુસાર ફેસીલીટી મેળવવા માટે હકકદાર છો.

**ઈન્સ્ટ્રકશન**

ફલાઈટના વિલંબ અંગે સમયસર માહિતી મેળવવા માટે ખાતરી કરો કે તમે બુકીંગ સમયે એરલાઈન્સને સાચી કોન્ટેક ડીટેલ્સ પ્રદાન કરી છે.

**કેન્સેલેશન**

**જો ફલાઈટ કેન્સલ થાય તો તમે વળતર માટે કેટલી હદ સુધી હકદાર છો ?**

જો તમે તેની ઓલ્ટરનેટ અથવા પછીની ફલાઈટ અથવા અન્ય એરલાઈનની ફલાઈટમાં ટ્રાવેલ કરવા માટે ઈચ્છતા ના હોય તો એરલાઈનને ટિકીટ રિફંડ કરવી જરુરી છે. તમારા રીફંડની પ્રોસેસ એરલાઈન દ્વારા CAR, Section 3, SERIES M, Part II અનુસાર કરવામાં આવશે. જો તમે ઈચ્છો તો એરલાઈન તમને કોઈપણ વધારાના ખર્ચ વિના ઓલ્ટરનેટ ટ્રાવેલિંગની તકો પૂરી પાડવા માટે બંધાયેલી છે. જો તમે મૂળ ફલાઈટમાં ટ્રાવેલ કરવા અને ઓલ્ટરનેટ ફલાઈટની રાહ જોવા માટે એરપોર્ટ પર પહેલેથી જ જાણ કરી હોય અને ત્યાં જ બેસી રહ્યા હોય તો એરલાઈન તમને ભોજન અને નાસ્તો આપવા માટે બંધાયેલી છે. જો તમે એરલાઈન દ્વારા ઓફર કરવામાં આવતી ઓલ્ટરનેટ ટ્રાવેલ એરેન્જમેન્ટ સ્વીકારતા નથી અથવા એરલાઈનના નિયંત્રણની બહારના અસાધારણ સંજોગોને લીધે ફલાઈટ રદ થાય છે ત્યારે તમે કોઈપણ પ્રકારના વળતર માટે હકદાર રહેશો નહી.

એવા અસાધારણ સંજોગો કે જે એરલાઈનના નિયંત્રણની બહાર છે અને તેના કારણે ફલાઈટ કેન્સલ થાય છે અને ડીલે થાય છે તો તમે વળતર મેળવવા માટે હકદાર નથી. જેમાં કુદરતી આફતો, સિવિલ વોર, રાજકીય અસ્થિરતા, સિકયુરીટી માટેના જોખમો, બળવો અથવા તોફાન, પૂર, વિસ્ફોટ વગેરેના કારણે પણ તમે વળતર મેળવવા માટે હકદાર નથી.

ગર્વમેન્ટના નિયમો અથવા ઓર્ડર એરક્રાફટને અસર કરે છે. સ્ટ્રાઈક અને મજૂર અંગેના વિવાદો તેમજ હવામાનની પરિસ્થિતિઓના કારણે ફલાઈટ કેન્સલ કરવી પડે છે. ઘણીવાર એર ટ્રાફિક કંટ્રોલના કારણે ફલાઈટ કેન્સલ અને ડીલે કરવી પડે છે. કાર્ય કરવામાં મંદી આવી હોય અથવા વિક્ષેપ પડયો હોય અથવા અન્ય કોઈપણ કારણો જે એરલાઈન્સના નિયંત્રણની બહાર છે પરંતુ જે તેમની ફલાઈટ શિડયુલ પર ચલાવવાની ક્ષમતાને અસર કરે છે આ બધા જ કારણોનો કેન્સલેશનમાં સમાવેશ થાય છે.

**આ અંગે કેટલીક શરતો અને નિયમો નીચે પ્રમાણે છે :**

●એરલાઈન ડિપાર્ટચરના શિડયુલ ટાઈમ પહેલા શકય હોય ત્યાં સુધી તમારી ફલાઈટ કેન્સલ કરવા અંગેની માહિતી આપવી જરુરી છે.

●જો તમને તમારી ફલાઈટ કેન્સલ કરવા વિશે ઓછામાં ઓછા ત્રણ કલાક પહેલા જાણ કરવામાં આવી ન હોય તો એરલાઈન તમને CAR, Section 3, SERIES M, Part IV અનુસાર વળતર આપવા માટે જવાબદાર છે.

ફલાઈટ કેન્સેલેશનની સમયસર માહિતી મેળવવા માટે ખાતરી કરો કે બુકીંગ સમયે એરલાઈન્સને તમારી સાચી કોન્ટેકટ ડીટેલ્સ પ્રદાન કરવામાં આવી હોય.

**JET LAG જેટ લેગ**

**જેટ લેગ શું છે?**

જેટ લેગ એ વિવિધ ટાઈમ ઝોનમાં હવાઈ મુસાફરીની અસુવિધાજનક આડઅસર છે. એટલે કે દરેક ઠેકાણે એર ટ્રાવેલનો ટાઈમ અલગ અલગ હોય છે. તે સરકેડિયન રીધમ સ્લીપ ડીસ ઓર્ડર છે, જે ઈન્ટર્નલ બોડી કલોકની અસંતુલનતાને કારણે થાય છે.

ટૂંકમાં કહીએ તો દરેક દેશ પ્રમાણે જે દરેક સમય બદલાય છે અને તેને લીધે જે બોડી પર અસર થજાય છે તેને જેટ લેગ કહે છે.

(અનુ પાન નં. ૪)

# યુએસએ પરત ફરતા રહેવાસીઓ માટેનું CBP મેમોરેન્ડમ - કદાચ SB-1 વિઝાની જરુર નથી

## CBPએ માર્ગદર્શન આપ્યું છે કે જેનાથી અમુક કાયમી રહેવાસીઓ યુનાઈટેડ સ્ટેટસમાં પાછા ફરી શકે, તેમની પાસે માન્ય SB-1 રીટર્નિંગ રેસિડેન્ટ વિઝા ન હોય અને તેઓ ૧ વર્ષથી વધુ સમયથી યુએસની બહાર હોય તો પણ



(ITN)

કોવિડ-૧૯ મહામારીના કારણે એક વર્ષ કરતાં વધુ સમયથી વિદેશમાં ફસાયેલા ગ્રીન કાર્ડ ધારકો માટે કસ્ટમ્સ અને બોર્ડર પેટ્રોલ (CBP)એ ખૂબ મદદરુપ માહિતી આપી છે. આ માહિતીના કારણે હવે લોકો SB-1 રીટર્નિંગ રેસિડેન્ટ વિઝા માટે અરજી કરવાથી બચી શકશે.

અગાઉ હજારો લોકો પોતાના વતનમાં ફસાયેલા હતા. કારણ કે મુસાફરી કરી શકતા ન હતા અને એક મહિનાથી વધુ સમય સુધી યુનાઈટેડ સ્ટેટસની બહાર રહ્યા હતા. આ કારણે તેઓ માનતા હતા કે તેમણે પોતાનો દરજ્જો ગૂમાવી દીધો છે અને તેમને SB-1 વિઝા માટે અરજી કરવાની જરુર છે. જો કે ઘણા કોન્સ્યુલર પોસ્ટસ પાસે આટલી બધી અરજીઓનો સામનો કરવા માટે પૂરતા સંસાધનો ન હતા અને લોકોને ઝડપથી એપોઈન્ટમેન્ટ મેળવવામાં મદદ કરી શકતા ન હતા. તેથી CBPએ માર્ગદર્શન આપ્યું છે કે જેનાથી અમુક કાયમી રહેવાસીઓ યુનાઈટેડ સ્ટેટસમાં પાછા ફરી શકે, તેમની પાસે માન્ય SB-1 રિટર્નીંગ રેસિડેન્ટ વિઝા ન હોય અને તેઓ ૧ વર્ષથી વધુ સમયથી યુએસની બહાર હોય તો પણ.

કાયદેસર કાયમી રહેવાસીઓ માટે બોર્ડિંગ માટેની વર્તમાન નીતિ નીચે મુજબ છે :

**૧) માન્ય, મુદ્દત વિનાનું કાયમી રહેઠાણ કાર્ડ :** માન્ય, મુદ્દત વિનાના કાયમી રહેઠાણ બોર્ડ ( PRC અથવા ગ્રીન કાર્ડ) ધરાવતા મુસાફરોને કોઈ વધારાના દસ્તાવેજો વિના બોર્ડિંગ કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે.

**૨) ફરીથી પ્રવેશ પરમિટ (I-327) માન્ય અને મુદ્દત વિનાનું**

- માન્ય, મુદ્દત વિનાની ફરીથી પ્રવેશ પરમિટ ધરાવતા મુસાફરોને વધારાના દસ્તાવેજો વિના બોર્ડિંગ કરવાની મંજૂરી આપવામાં આવે છે.
- આ દસ્તાવેજ મૂળ ફરીથી પ્રવેશ પરમિટ હોવો જોઈએ, નકલો સ્વીકારવામાં આવતી નથી.

**૩) મુદ્દત પૂરી થયેલ કાયમી રહેઠાણ કાર્ડ : દસ વર્ષની માન્યતા**

- મુદ્દત પૂરી થયેલ I-551 ધરાવતા LPRને કોઈ દંડ વિના બોર્ડિંગ કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે, જો કાર્ડ ૧૦ વર્ષની સમાપ્તિ તારીખ સાથે જારી કરવામાં આવ્યું હોય

**૪) મુદ્દત પૂરી થયેલ કાયમી રહેઠાણ કાર્ડ : એકસટેન્શન સ્ટીકર/ફોર્મ I-797 ધરાવતા**

- જાન્યુઆરી ૨૦૨૧થી LPRને તેમના PRCની માન્યતા લંબાવવા માટે જે સ્ટીકર આપવામાં આવે છે (કાર્ડની પાછળ મૂકવામાં આવે છે) તે બંધ કરવામાં આવ્યું છે.
- સુધારેલી I-797 રસીદ સૂચના, અરજદારના PRC સાથે ગ્રીન કાર્ડની આગળની બાજુએ સમાપ્તિ તારીખથી ૧૨ મહિના માટે કાયદેસર કાયમી નિવાસી દરજ્જાના કામચલાઉ પુરાવા તરીકે સેવા આપશે.
- એકસટેન્શન સ્ટીકર ધરાવતા PRC સમાપ્તિ તારીખ સુધી માન્ય રહેશે.
- આ દસ્તાવેજ મૂળ I-797 પરમિટ હોવો જોઈએ, નકલો સ્વીકારવામાં આવતી નથી.

**૫) શરતી નિવાસી (Conditional Resident) ની મુદ્દત પૂરી થયેલ હોય**

- જો કોઈ શરતી નિવાસીનું પીઆરસી (PRC - Permanent Resident Card)ની મુદ્દત પૂરી થઈ ગઈ હોય (જેની માન્યતા બે વર્ષની હોય છે) તો તેઓ મુસાફરી કરી શકે છે. જો તેમની પાસે નોટિસ ઓફ એકશન (ફોર્મ I-797) હોય.
- આ નોટિસ ઓફ એકશન સામાન્ય રીતે ૧૮ મહિના માટે તેમના કાર્ડની માન્યતા વધારે છે.
- જો મુસાફર પાસે ફોર્મ I-797 ન હોય તો તેમને મુસાફરી કરવાની પરવાનગી ન આપવી.

**૬) SB-1 વિઝા : માન્ય અને મુદ્દત પૂરી ન થયેલ હોય**

- જે મુસાફરો પાસે તેમના પાસપોર્ટમાં માન્ય અને મુદ્દત પૂરી ન થયેલ SB-1 વિઝા હોય તેઓ વધારાના કાગળો વગર મુસાફરી કરી શકે છે.

**એરલાઈન્સને ઘ્યાનમાં રાખવા જેવી બાબતો**

- એરલાઈન્સે મુસાફરની યોગ્યતા (admissibility) નકકી કરવી જોઈએ નહીં, જો તેમની પાસે જરુરી ડોકયુમેન્ટ હોય.

**મહત્વપૂર્ણ નોંધ :**

- આ મેમોરેન્ડમ હજી પણ ઉપયોગ માટે ઉપલબ્ધ છે, પરંતુ કેટલા સમય માટે તે અંગે કોઈ ખાતરી નથી.

(અનુ પાન નં. ૪)

**એટર્ની દેવબનાડ વિશ્વનાથ વ્યકિતગત મુલાકાત માટે**
**Mumbai :** Aug. 05th. & 06th. 2024
**Bangalore :** July 29th., 30th. & 31st.
And Aug. 07th., 08th. & 12th. 2024
**કોઈપણ સ્પષ્ટતા કે પ્રશ્ન માટે મુંબઈ ઓફિસનો સંપર્ક કરવો.**



**Call to book an Appointment**
Visit www.Banadlaw.com
Email us at info@banadlaw.com
**Call us**
**U.S.A.-718 361 5999**
**Bangaluru-080 26615891**
**Mumbai-022 26549341**

@ The owner, Printer and Publisher of the Immigration Times : Shri Jagrut Rameshbhai Vasani as per PIB Act all News contain responsibility is on EDITOR Mr. Mineshbhai Prakashbhai Patel Ho : F-110, First Floor, Kishor Plaza, Station Road, Anand-388 001. Gujarat Printed by Divya Bhaskar, Satellite, Ahmedabad - 380015 (Subscription Rs. 599+300=899/- (Including Courier charge). Dear Reader, It is necessary to contact the embassy of particular country for more detail and information regarding the news received and published by Immigration Times.
@ The advertisement published in the Immigration Times are subject to readers own risk therefore be careful and well informed before making any contact to them. The owner, Editor, Printer and Publisher of the Immigration Times has not accessed the claims and information provided in the advertisement. The Writers has presented their own views in his column which are published in the Immigration Times.